# અધ્યાત્મ

વર્ષ : ૯ ફેબ્રુઆરી-૧૯૮૮ અંક : ૫

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| આસ્થા–શ્રદ્ધા–વિશ્વાસ | ઈશ્વરભાઇ શાહ | ૧૩ |
| એક સાધકના યોગાનુભવમાંથી | પુષ્કર ચંદરવાકર | ૧૭ |
| આણાં | રણજિત પટેલ | ૨૪ |
| ચઢતી–પડતી | રતિલાલ નાયક | ૨૫ |
| કર્મયોગી સ્વામી શિવાનંદજી મહારાજ | મહેન્દ્ર પંડ્યા | ૨૯ |
| मूकं करोति वाचालम् | વિજય પંડિત | ૩૮ |
| વિભુની યાદ | ડૉ. મધુરમ્ | ૪૨ |
| અમોરકામાં સત્ય સાંઈબાબાનું સ્થાન | ઈશ્વરભાઇ ભક્ત | ૪૩ |
| સામાન્ય ઘટનાઓની અસામાન્યતા | પિનાકિન્ જાની | ૫૩ |
| પ્રકાશના પંથે | પરમાર્થી | ૫૮ |
| રામકથા | શ્રી યોગેશ્વરજી | ૬૨ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૯ ફેબ્રુઆરી–૧૯૮૮ અંક : ૫

## યોગેશ્વર કથામૃત

વિક્રમ સંવત ૨૦૩૬ના શ્રાવણ વદ બીજ બુધવાર તારીખ ૨૭-૮-૧૯૮૦.

સ્થળ:–‘ સુભાષ ’ ૧૬૮૮ એ, સરદારનગર, ભાવનગર.

આજે સવારે પૂ. શ્રીએ પૂ. માતાજીને ૪–૦૦ વાગ્યે કોફી પીવડાવી. પછીના કલાકોમાં પૂ. શ્રી પૂ. માતાજી પાસે જ સેવામાં રહ્યા. થોડો આરામ કર્યો. એને આરામ કહી શકાય કે કેમ તે પ્રશ્ન છે. નિયમિત વ્યાયામ કરી, સ્નાન કરી, માતાજીને સ્નાન કરાવ્યું. ફરીથી કોફી પીવડાવી. દવા આપી દશ મિનિટ આરામ કર્યો ને ડોકટર આવ્યા. વળી થોડા સમય પછી નાળિયેરનું પાણી પીવડાવ્યું.

આજ ક્રમ પૂ. માતાજીની સેવા, સેવા ને સેવા. લેખન કાર્ય બંધ, પત્રોના વાંચન–પ્રત્યુત્તર બંધ, સમગ્ર સમય પોતાના શરીરની પણ પરવાહ કર્યા વિના, પોતે રાતદિવસ ઊંઘ આરામનો સંપૂર્ણ ભોગ આપીને માતાજીને સ્વસ્થ ને સુખી કરવા પ્રયત્નશીલ બને છે. પોતાનું શરીર આવી સતત સેવામાં થાક અનુભવે છે. પણ આ માતૃભક્ત મહાત્મા તન, મન, ધનથી જાણે ઘસાઇને ઉજળા થઇએ. मातृदेवो भव એ

સૂત્રને જાણે ચરિતાર્થ કરવા જ જન્મ ન ધર્યો હોય એમ આદર્શ સર્વશ્રેષ્ઠ વર્તન કરી રહ્યા છે.

ડાયરીની નોંધ લોક હિતાર્થે તો ખરી પણ મારા પોતાના સ્વાંતઃ સુખાય અર્થાત્ મારા પોતાના સુખ માટે પણ લખાય છે. એ પણ ઈશ્વરનીજ કૃપા છે ને ! આ જીવનમાં એવી નોંધ સતત રાખી શકાય એવી કૃપાની યાચના મારા ગુરુદેવ પ્રભુ શ્રી યોગેશ્વરજીના શ્રી ચરણોમાં કરૂં તો અયોગ્ય નથી જ.

સતત પરિશ્રમ છતાં લોક હિતાર્થે સત્સંગ-મુલાકાતનો સમય થયો હોવાથી બરાબર સવા અગિયારે પૂ. શ્રી પૂ. માતાજી સાથે બહાર વરંડામાં આવી ગયા છે. પૂ. શ્રી પૂ. માતાજીને પલંગ પર બેસાડે છે ને પોતે ગોઠવેલા સોફા પર બેસે છે. તેમની પાસે જ મારું આસન મૂકવામાં આવ્યું હોવાથી ત્યાં બેઠક લીધી.

પૂ. શ્રી વરસોથી પોતાના ચંપલ ભાવનગરમાં જ સીવડાવે છે, જેમાં તેઓ ચામડાનો ઉપયોગ કરવા દેતા નથી કારણ કે તે નિર્દોષ પ્રાણીઓની હિંસાથી બને છે. વળી વાઘ-સિંહ મૃગના ચામડાના આસનનો ઉપયોગ પણ પ્રભુ કયારેય કરતા નહીં. હિંસાજન્ય વસ્તુથી શાંતિ કયાથી મળે ? ચંપલનું માપ લેવા આજે એક ભાઈ આવે છે. તેમને સફેદ રેગ્ઝીનના ચંપલ બનાવવા માટે કહે છે. શ્રી નવિનચંદ્ર એ ચંપલના પૈસા આપવાની અલભ્ય ઇચ્છા બતાવે છે. પણ પૂ. શ્રી કહે છે "ચંપલના પૈસા તો કોઇ જ ન આપે. હુંજ આપીશ. આપણા પૈસે જ ચંપલ પહેરવાં જોઇએને ? તમે દાનમાં આપશો એટલા રૂપિયા લઇ લઇશ. પણ ચંપલના પૈસા નહીં લઉં."

આજે પ્રશ્નોત્તરી બહેનોથી શરૂ થઈ.

પ્રશ્ન-હું જય અંબે મંત્ર જપુ છું. કંઇ ભૂલતો નથીને ?



પૂ. શ્રીઃ-તમને શંકા હોય તો તે કાંટાનું કામ કરે છે. संशयात्मा विनश्यति આટલું કહીને તે બેનના જ પ્રશ્નના કાગળ ઉપર યોગ્ય રીતે મંત્ર લખે છે. પછી પૂછે છે કેટલા જપ કરો છો ?

બેનઃ-આમતો નિયમ નથી, પણ હાલતા ચાલતા નવરી પડું ત્યારે જપ કરૂ છું. સવારે સ્તુતિ પ્રાર્થના કરૂ છું.

પૂ. શ્રીઃ-આપણે હાલતા ચાલતા નાસ્તો તો કરી એ પણ બેસીને સંપૂર્ણ ભોજન કરીએ ત્યારે જ સંતોષ થાય. તેમ બેસીને જપ-ધ્યાન-પ્રાર્થના કરો. આસનમાં સ્થિર થતાં જે લાભ ને અનુભવ-દર્શન થાય તે હાલતા-ચાલતા શરૂઆતના સાધકને ન થાય. માટે દરરોજ એક કલાક સવારે ને એક કલાક સાંજે નિયમિત રીતે જપ બેસીને કરો. શ્રાવણમાસ છે તો વધુ ને વધુ જપ કરો.

એકભાઈઃ-સવાર સાંજે અડધો કલાક જપ કરીએ તો ન ચાલે ?

પૂ. શ્રીઃ-અર્ધો કલાક બેસવાની વાત કરો તેમાં તમે શરૂઆતની દશમિનિટ મનને સ્થિર કરવામાં. છેલ્લી દશમિનિટ સમય પૂરો થઇ ગયો કે નહીં તે ઘડિયાળ જોવામાં મન જાય. આમ માંડ દસ મિનિટ મન બેસે. તમે અડધો કલાક બેસો પણ મન કેટલું બેઠું માત્ર દસ મિનિટ.

ધ્યાન સાધનાની પુસ્તિકા એક ભાઈ પૂ. શ્રીને બતાવે છે જે અમદાવાદથી બહાર પડી છે. તેમાં કેટલીક વિગતો ઉમેરાયેલી છે, એવું પૂ. શ્રી જુએ છે. એમાં જયોતિર્લીંગની કલ્પના કરી દૂધ ચઢાવવાથી ધ્યાનમાં સ્થિરતા મળે છે એ વાત અંગે પૂ. શ્રી કહે છે કે એના કરતાં આપણામાં રહેલા ભગવાન શંકરને જ દૂધ ચઢાવોને ! આપણા જ મોમાં આપણે ચઢાવીએ. જેની જેવી તાકાત તેટલું તે ચઢાવે. મને તો કોઇ

ચક્રમાં રસ નથી. સંસાર રૂપી ચક્રમાં જ રસ છે. ભગવાનની ભક્તિથી સંસારનું ચક્ર તોડવું એમાં જ રસ છે.

પ્રશ્નઃ–હઠયોગવાળા ચક્રોના વિગતવાર વર્ણન કરે છે તે જોઈ શકાય ખરાં!

પૂ શ્રીઃ- એ તો ન જોઇ શકાય તો પણ વર્ણન તો થાય જ. જૂના શાસ્ત્રોમાં એનું વર્ણન છે જ. પણ એ બધી આડવાતો છે. આપણે ટાઉનહોલ જવું છે પણ જઇએ મહુવા બંદર તરફ ત્યાં આગળ જતાં તળાજા નાળિયેર, ચીકુની વાડીયો ખરી. તે નાળિયેર, ચીકુંમાં જ મઝા માણીએ ને મૂળ ભૂલી જઇએ. કોઈને પૂછીએ તો ખબર પડે કે આપણે ઉલટી દિશામાં આવ્યા ને તેમાં પાછું પ્રલોભનોમાં ફસાયા.

જે મૂળમાંથી આવ્યા તે મૂળ વાત છે. ભગવાનની દયા બધાં ચક્રો તોડી નાંખે છે.

પ્રશ્નઃ–પાંચ વરસથી ગાયત્રી મંત્રની સાતમાળા દરરોજ બે કલાકમાં કરૂં છું, છતાં પણ મન સ્થિર થતું નથી, શું કરૂં?

પૂ. શ્રીઃ–બેસીને, બોલીને, હોઠ હલાવીને ખુલ્લી આંખે જપ કરો. ગાયત્રીનો ફોટો સામે રાખો. ભાવથી પ્રાર્થના કરો. વિચારને પ્રભુ તરફ વાળો. ભજન ગાવ. મન એકાગ્ર ને શાંત બને તે માટે પ્રાર્થના કરો.

પ્રશ્નઃ–ગાયત્રી મંત્ર સૂર્યાસ્ત પહેલાં જ થાય, રાતે ન જપી શકાય?

પૂ. શ્રીઃ–ગાયત્રીમંત્ર એ સૂર્યનો મંત્ર નથી, ભગવાનનો છે. સૂર્યનો માનો તો પણ વિજ્ઞાન કહે છે કે સૂર્યની સાથે આપણો સંબંધ ચોવીશે કલાક હોય છે, તે વગર આપણે જીવી જ ન શકીએ. સૂર્ય આ દેશમાં રાતે ન દેખાય પણ અમેરિકા જેવા અમુક દેશોમાં રાત્રે પણ દેખાય છે. પણ



આ મંત્રને સૂર્ય સાથે સંબંધ નથી. આ મંત્ર ગાયત્રી નામનો જે છંદ છે તેમાં લખાયો હોવાથી ગાયત્રી મંત્ર તરીકે તે પ્રચલિત બન્યો. એવા તો કેટલાક મંત્રો, શ્લોકો ગાયત્રી છંદમાં લખાયા છે. ખરેખર તો તે ભગવાનનો જ મંત્ર છે. મંત્રમાં દેવસ્ય શબ્દ પુલીંગ વાચક છે યો પણ પુલીંગ વાચક છે એ પણ દેવી માટેનો નથી, દેવ માટેનો જ છે. સવિતુ એટલે સર્વને ધારણ-પોષણ કરનારા પરમાત્મા. સૂર્ય સામે એ મંત્ર જપાય છે, કારણ કે ભગવાનનું ધામ સૂર્યથી ઉપર છે. ભગવાનના ધામમાં જનારા યોગીઓ સૂર્ય દ્વારથી જ જાય છે. ગાયત્રીના આવાહન મંત્રમાં પણ તેને સૂર્ય દ્વારથી આવવાનું કહેવામાં આવે છે. વળી ગાયત્રી મંત્રમાં ત્રણ ૐ બોલાય છે. આર્ય સમાજીઓ હોમહવન કરવા ઉતાવળ જરૂરી હોઇ, એક જ ૐ બોલે છે. પણ ત્રણ ૐ વાળી ગાયત્રી છે. આગળ, વચ્ચે ને પાછળ. જેમ ટ્રેઇનમાં આગળ ડ્રાઇવર, વચ્ચે ટપાલ પેટી ને પાછળ ગાર્ડ ગાડીઓમાં હોય છે. ગાર્ડ વિસલ મારે તો જ ગાડી ચાલે ને! એટલે ૐ પાછળ પણ લગાડો. ૐ જેટલી વાર બોલો એટલી વાર ફાયદો જ છે. નુકશાન નથી.

સત્સંગનો સમય પૂરો થયો. પ્રણામ કરી પ્રસાદ લઈ સૌ વિદાય થયા. છેલ્લા ત્રણ દિવસથી પૂ શ્રી પૂ માતાજીને પ્રથમ ભોજન કરાવે છે. રસોઈ કરનાર બેનની કે અન્ય કોઇની હાજરી તેઓ સહન કરી શકતાં નથી. તેમના પછી અમે બન્નેએ પણ ભોજન લઈ લીધું. ફરી પાછા પૂ શ્રી પૂ. માતાજીની સેવામાં ત્રણ વાગ્યા સુધી બેઠા. એમનું શરીર થાક અનુભવતું હતું અને આરામની જરૂર છે એમ કહેતું હતું, છતાં માતાની સેવામાં જરા પણ આળસ, થાક ને કંટાળો નથી.

પૂ.શ્રી હજીતો પોતે જ ભયંકર માંદગીમાંથી ઊઠ્યા છે. શ્રમ સહેજ વધી જાય તો પોતે અસ્વસ્થ બને જ છે. ૧૪ મી ઓગસ્ટે પણ એ રીતે પોતે તનમનથી અસ્વસ્થ થઈ ગયા હતા. મને તો એ ચિંતા રહે છે કે રાતદિવસ એકધારો પરિશ્રમ, ઉજાગરો કરીને પૂ. માતાજીને સ્વસ્થ ને પ્રસન્ન રાખવાના પ્રયત્નો શરૂ કર્યાને પણ સાત દિવસ થઈ ગયા. આવી થકાવટ છતાં પૂ. માતાજી એકાદવાર પણ પૂ.શ્રીને આરામ કરો એવું કહેતા નથી. અમે કહી શકીએ પણ આ મહાપુરુષ માનતા નથી. શું થશે ? ધાર્યું ધરણીધરનું થાય પણ ચિંતાથી મારી આંખમાં અશ્રુ આવી ગયાં. પૂ.શ્રીને વિનંતિ કરી કે આપ પ્રભુ આરામ કરો. પૂ. શ્રીએ કહ્યું, " તમે મારી ચિંતા ન કરો. હિમત રાખો. સ્ત્રીઓ તો હિંમત આપી શકે. મને કશું જ નથી થવાનું. હવે આરામ જ કરૂં છું, " એમ કહી છેક સવાત્રણે માતાજીના રૂમમાં જ સૂઇ ગયા.

પોણાચારે માતાજીને ઉલ્ટી થઈ તે સમયે થોડી મદદ કરવાની મને તક મળી. કૉફી પીવડાવીને પૂ. શ્રી મારી પાસે આવ્યા ને એક ગંભીર વાત કહી ગયા. ગુપ્ત રાખવાનું સૂચન થયું. સંભાળવાનું છે. તા. ૩૦ મી ઓગસ્ટ અંગે અગત્યની વાતો કરી. મહાપુરુષોની સેવા, તેમની માતૃભક્તિ, તેમની કલ્યાણ કરવાની ભાવના ને રીત અનોખી હોય છે. સામાન્ય સાધકે મૌન રાખીને જ એ બધું જોવાનું રહે છે.

કૉફી પીવડાવી બન્ને થોડીવાર આરામ કરે છે. પ્રવચનમાં જવાનું બને છે. આજે મારી સાધનાની થોડી વાતો કરવાની સૂચના શ્રી નારાયણભાઇએ કરી જેથી મારે થોડું બોલવાનું થયું. મારા પંદર મિનિટના વકતવ્ય પછી પૂ. શ્રીએ થોડું સ્પષ્ટીકરણ મારે માટે પણ કર્યું. જપયજ્ઞમાં · જપ એ પ્રભુનું સ્વરૂપ છે. यज्ञानां जपयज्ञोऽस्मि તેની સાથે જે પ્રભુ



માર્ગે આગળ વધે તે હિમાલય જેવો અડગ ને ગૌરવ વંતો બને છે. પ્રવચન પૂરું કરી પૂ. શ્રી આજે જલ્દી ઉતારા ઉપર આવી જાય છે, કારણ કે માતાજીની જતી વખતે એવી ઇચ્છા હતી કે પ્રવચનમાંથી આવીને ડાકટરી તપાસ પૂ. માતાજીની થઇ, એટલે પોણાનવ થઇ ગયા. હવે થોડો અલ્પહાર ને દૂધ લઇ પૂ. શ્રી આરામ કરશે. જો માતાજી સ્વસ્થ હશે તો, નહીતર આખી રાત ઉજાગરો કરીને પણ પૂ. શ્રી શાંતિ આપશે. ધન્ય છે એ માતૃભક્ત મહાપુરુષને. હરિ ૐ.

તા. ૨૮–૮–૮૦ ભાવનગર.

રાતદિવસના સતત ઉજાગરા છતાં અવિરત સેવા કરનાર આ મહાન માતૃભક્ત શ્રી યોગેશ્વરજી પોતાના દૈનિક ક્રમમાં પણ નિયમિતતા રાખે છે. સવારે ૮–૦૦ વાગ્યે પૂ. માતાજીને સ્નાન કરાવે છે ને કૉફી પીવડાવે છે. આજે ગુરુવાર હોવાથી શ્રી સાઇબાબાની સ્તુતિ પણ ગવાય છે. પૂ. શ્રી આજે પણ પૂ. માતાજી પાસે ૧૧-૩૦ સુધી રહ્યા. સર્વે જીજ્ઞાસુઓ ૧૧ વાગ્યે આવી ગયાં હતાં. છતાં પૂ. શ્રી માતાજી પાસે રોકાયેલ હોઇ મોડા આવ્યા.

સોફા જેવી ખુરશી ઉપર પૂ. શ્રી બેઠા છે. આજે મણીભાઇ શાહ પણ આવ્યા છે. પૂ. શ્રી તેમને રવિન્દ્રનાથ ટાગોરના જીવન પ્રસંગો ‘ અધ્યાત્મ ’ માસિકમાં આપવાનું સૂચન કરે છે. તે પ્રસંગો ગુજરાતી સાહિત્યમાં નવી ભાત પાડશે એમ પણ પૂ. શ્રી કહે છે.

કોઈ એક વૃદ્ધ પુરુષ પૂ. શ્રીને એક સ્તોત્રનું નાનકડું પુસ્તક ધરે છે. તેના ઉપર એક ૐ લખી આપો એવી પ્રાર્થના કરે છે. પૂ. શ્રી એક ને બદલે ત્રણ ૐ લખી આપે છે.

વળી એકભાઈ ભાવનગર પાસેના નારી નામના ગામે

સન્યાસ આશ્રમમાં પધારવાનું પૂ. શ્રીને આમંત્રણ આપે છે. પૂ. શ્રી તેમને ગામના લોકોને જ અહીંના સત્સંગમાં આવવાનું કહે છે કારણ કે હાલમાં તો પૂ. માતાજીની પાસે રહેવાનું અત્યંત જરૂરી છે. પેલા ભાઈએ કહ્યું કે રાત્રે જતી વખતે બસની વ્યવસ્થા નથી. એવી દલીલ થતાં પૂ. શ્રીએ એક વાત કરી. પુણ્ય કાર્યમાં પદયાત્રા થાય તો વાંધો નથી. એમ કહી પોતાની જન્મભૂમિ સરોડામાં રહેતા રજનીકાંત નામના યુવાનની વાત કરે છે.

રજનીકાંત એના બે ત્રણ મિત્રો સાથે નિયમિત દરપૂનમે ચાલતાં ચાલતાં જેતલપુર જાય ને શ્રી સ્વામી નારાયણ ભગવાનના મંદિરે દર્શન કરે ને પછી જ રાત્રે ઘેર આવી ભોજન લે. તેઓ મને મળવા આવ્યા હતા. મેં પુછ્યું કે તમે પદયાત્રા કરીને જાઓ તે કાંઇ ફાયદો થાય છે ખરો ? તેઓએ કહ્યું:–"હા કબજીયાત મટી જાય. (હસાહસ). બીજા કહે, 'ખેતીમાં બરકત જણાવવા માંડી છે, ત્રીજો કહે, મારે ત્યાં ઘણાં વરસે ઘોડીયું બંધાયું." મે કહ્યું. "તમે કબજીયાત મટાડવા કે ખેતીમાં પાક વધારવા કે ઘોડીયુ બંધાવવા જ પ્રભુ પાસે જાઓ છો ? જુઓ, જીવનને પવિત્ર બનાવો, શ્રદ્ધા બળવાન બનાવો. રસ્તે જપ કરતા કરતા જ જાઓ.

રજનીકાંતના દાદા એકવાર જાત્રા કરતાં કરતાં અમારી દેવપ્રયાગની કુટિયા જોઈ ગયા. આશ્રમ નહીં, મઠ નહીં, શિષ્યો નહીં, ઘોર જંગલમાં એ કુટિયામાં તપ કરતા જોયા, જેથી તેમની શ્રદ્ધા વધી ગઈ એમણે સંકલ્પ કર્યો કે જીવીએ ત્યાં સુધી મહાત્માજીનું કામ કરીએ.

સરોડામાં અમે રહેતા તો ચોરીનો પ્રસંગ બન્યો. વળી માતાજીના વિરોધીઓએ અમને મારી નાંખવા મધ્યરાત્રિએ



કાવત્રુ રચેલું ત્યારે ને તે પછી તો એમના બે છોકરાઓને સુવા માટે અમારે ઘેર મોકલતા. તેમાં એક છોકરો બીડી બહું પીતો, તેણે મારા કહેવાથી બીડીનું વ્યસન છોડયું. તે વરસોમાં હું રાત્રે પણ પલંગ ઉપર બેસીને જપ કર્યા કરતો. તે આ છોકરો જોતો. તેને નવાઈ લાગતી. તેની પણ શ્રદ્ધા વધી.

જ્યાં પણ શ્રદ્ધા થાય ત્યાં ચમત્કારો સર્જાય છે.

આટલા વાર્તાલાપ પછી પૂ. શ્રીએ કહ્યું "હવે ઊઠી શકાય." સમય પુરો થઇ ગયો છે. આવતી કાલે અનુકૂળતા હશે તો જ તમને સૌને ૧૧-૦૦ કે ૧૧-૩૦ મળીશ, કારણ કે માતાજી પાસે મારી ઉપસ્થિતિ ઘણી જરૂરી છે.

સૌ સાધકો વિદાય થયા. પૂ. માતાજીને ભોજનનો આગ્રહ કર્યો છતાં ના પાડી. અમે બન્નેએ ભોજન લીધું. ભોજન લેતાં લેતાં માતાજીનો દર્દ ભર્યો અવાજ સાંભળી પૂ. શ્રી ભોજન કરતાં કરતાં ઊઠી ગયા. કેવો પવિત્ર નિઃસ્વાર્થ પ્રેમ ! ફરજ પ્રત્યે કેટલી બધી જાગૃતિ ! ધન્ય છે, કર્તવ્યનિષ્ઠ એ પુત્રને. અને ધન્ય છે એવી માતાને જેની કૂખે પ્રભુ પ્રગટ્યા.

પૂ. શ્રી પૂ. માતાજી પાસે ત્રણ વાગ્યા સુધી સેવામાં રહ્યા. થોડો આરામ કરી ફરી ૬-૩૦ સુધી માતાજી પાસે બેઠા.

પ્રવચનમાં આજે મહર્ષિ દયાનંદ, મહર્ષિ અરવિંદ, રમણમહર્ષિ, ભગવાન રામ અને ભગવાન કૃષ્ણને પણ પ્રોપર્ટીટેક્ષની જેમ શરીરનો ટેક્ષ વ્યાધિ, વિપત્તિ, પ્રતિકૂળતા, વિરોધોના રૂપમાં ભરવો પડ્યો હતો, તેમ અમારે પણ હાર્ટએટકની માંદગી રૂપી શરીર ટેક્ષ ભરવો પડ્યો હતો. પંચમહાભૂતના આ શરીરમાં પ્રવેશ કર્યો એટલે એણે સુખ-દુઃખ, લાભહાનિ, ઉન્નતિ-અવનતિ-બાલ-યુવા-વૃદ્ધાવસ્થા-મરણ ઇત્યાદિ વિભિન્ન પ્રકારના ટેક્ષ ભરવા જ પડે. પછી તે યોગી હોય કે ભોગી,

અમીર-ગરીબ, બાલ-વૃદ્ધ ને સિદ્ધ મહાપુરુષો ને સ્વયં ભગવાનને પણ ટેક્ષ ભરવો જ પડે પણ માનવ ને મહા-માનવમાં ટેક્ષ ભરવાની પદ્ધતિમાં જ ફેર હોય છે. તે સામાન્ય સંસારીની જેમ રડતાં રડતાં, કોઇપણ જાતના બડબડાટ કર્યા વગર, બીજાને દોષ દીધા વગર, ક્રોધ કર્યા વગર અવિવેકી બન્યા વગર સદાયે સ્વસ્થ, શાંત ને સ્થિરતા જાળવી, દૃષ્ટાભાવ રાખી, પરમાત્મામાં શ્રદ્ધા રાખી, નિત્ય નિરંતર સ્મરણ કરતાં શાંતિથી તે ટેક્ષ ભરે છે. આટલો ફરક હોય છે.

છેલ્લા બે દિવસથી પૂ. માતાજી વધારે અસ્વસ્થ છે. એટલે પૂ. શ્રી જ્યારે પણ પ્રવચનમાં જવા નીકળતા ત્યારે માતાજીની આંખમાં આસુ આવી જતાં. પૂ. શ્રી એ જૂએ છે જેથી આવતી કાલથી પ્રવચન અમારો જ્યાં ઉતારો છે ત્યાં જ તેજ મેદાનમાં યોજવાનો વિચાર આ માતૃભકત મહાત્મા વિચારે છે. પ્રવચનના અંતે જાહેરાત પણ થાય છે એટલે આવતી કાલથી પોતાના માતાજી પ્રત્યેની ફરજ બજાવવા પ્રવચનનું સ્થળ ઉતારા પર રાખવામાં આવ્યું. ધનધન્ય છે એમના આદર્શને! જીવનના દરેક ક્ષેત્રમાં સર્વશ્રેષ્ઠ આદર્શ ને સર્વશ્રેષ્ઠ આચરણ.

પૂ. શ્રી તથા પૂ. માતાજી બન્ને થોડો નાસ્તો લઈ આરામ કરે છે. હરિ ૐ.

મા શ્રી સર્વેશ્વરી



# આસ્થા-શ્રદ્ધા-વિશ્વાસ

સંકલનઃ-ઈશ્વરભાઈ એમ. શાહ

(પ. પૂ. સ્વામી શ્રી સંપૂર્ણાનંદજી બાપુની સાધના શિબિરમાંથી)

શ્રદ્ધાઃ-પાર્વતી ઉમા છે.-અન્નપૂર્ણા છે.

અન્નપૂર્ણા એટલે અન્ન દેવાવાળી છે પરંતુ તમને તો અન્ન મળશે તેમાં શ્રદ્ધા નથી. નહિતર શ્રદ્ધા કરો તો અન્ન મળશે જ.

વિશ્વાસઃ-શંકર છે. શ્રદ્ધાની કસોટી તેનું નામજ શંકર-વિશ્વાસ. ત્રણ વાત છેઃ-(૧) આસ્થા (૨) શ્રદ્ધા (૩) વિશ્વાસ.

આસ્થા બુદ્ધિમાં હોય છે. વેદે કહ્યું કે બ્રહ્મ જ છે. તો આસ્થા કરી લો. આસ્થા જેવી દૃઢ થાય છે તેવી જ શ્રદ્ધા કરવી પડતી નથી. આપોઆપ થઈ જાય છે. વહેવારમાં પણ જોઇએ. માતાપિતાએ સગપણ કર્યું. દીકરીએ જાણ્યું કે મારૂં સગપણ રસિક સાથે થયું છે. એટલે દીકરીએ બુદ્ધિમાં આસ્થા કરી કે રસિક મારો પતિ છે. આ આસ્થા બુદ્ધિમાં કરી છે. પછી રસિકના પત્રો આવશે. દીકરી રસિકને પત્ર લખશે. રસિક ડોકટર છે, મહીને રૂા. ૫૦૦૦ કમાય છે, મોટર છે, તેવું દીકરી જાણે છે. જુઓ આસ્થા કરી પ્રથમ; પછી રસિકનો મહિમા જાણ્યો. એટલે શ્રદ્ધા દૃઢ થઇ-શ્રદ્ધા કરવી ન પડી. પછી લગ્ન થયા. રસિક અને ઉષા મળ્યાં. આસ્થા અને શ્રદ્ધા તો હતાં જ. પછી રસિક જે વિશ્વાસ છે તેણે શ્રદ્ધા ઉષાની કસોટી કરી. શું કસોટી કરી? કે નોટો દીધી હાથમાં. પછી ધીમે ધીમે ઘરનો વહેવાર સોંપ્યો. રસિક-વિશ્વાસે જાણ્યું કે શ્રદ્ધા-ઉષા કસોટીમાં પાર ઉતરી છે. પછી

ગોદરેજના કબાટની તથા ઘરની ચાવી ઉષાને સોંપી દીધી.

શ્રદ્ધા કસોટી થઈ કે વિશ્વાસ હાજર. (૧) આસ્થા બુદ્ધિમાં કરવી પડે છે. (૨) શ્રદ્ધા–વિશ્વાસ બુદ્ધિ ઉપરની વાત છે.

હવે રામાયણનો દાખલો લઈએ. ભગવાન રામ શંકર પાસે આવે છે, અને કહે છે કે આજે હું તમારી પાસે માગવા આવ્યો છું. શંકર કહે–" ભગવાન આજ્ઞા કરો." તો રામ કહે, "તમે હિમાલયની પુત્રી ઉમા સાથે લગ્ન કરો." શંકર કહે, "ભગવાન, તે વાત જવા દો. હું જેમ છું તેમાં મજા છે. લગ્ન કરી જોયાં. બધું જોઇ લીધું છે," રામ કહે, "મારો આદેશ છે, લગ્ન કરો." શંકર કહે, "ભલે, માથે ચડાવું છું." રામ કહે, "માથે નહિ, હૃદયમાં રાખો. માથામાં બુદ્ધિ છે. ભૂલી જવાશે." શંકર કહે, "ઠીક, હૃદયમાં ધારણ કરૂં છું." આ થઇ આસ્થા. શંકરે તો બુદ્ધિમાં આસ્થા કરી છે કે ઉમા સાથે લગ્ન કરવાં. હૃદયમાં નથી ધારણ કર્યું. એટલે રામ ગયા પછી સપ્તઋષિને બોલાવ્યા, અને ઉમા જે શ્રદ્ધા છે, તેની કસોટી કરવા કહ્યું. રામે કહ્યા પછી શ્રદ્ધા નથી કરી, આસ્થા કરી છે. સપ્તઋષિ આવ્યા શંકર કહેઃ-જાવ, મને રામનો આદેશ છે કે ઉમા સાથે લગ્ન કરો. તો તમો બધા જઇ ઉમાની કસોટી કરો. ત્યાં તો રામ પાછા આવ્યા રામ કહે, "શંકર મારામાં શ્રદ્ધા નથી કે તું કસોટી કરવા ઉભો થઇ, સપ્તઋષિને મોકલે છે? "આ છે ભકત-ભગવાન વચ્ચે ઝગડો. શંકર કહે, "ભગવાન, તમે કહ્યું એટલે આસ્થા કરી. પણ ભગવાન, સાચું કહું, તમને માણસ પારખતા આવડતું નથી એટલે સપ્તઋષિને કસોટી કરવા મોકલું છું." રામ કહે, "શંકર, મને માણસ પારખતા આવડતું નથી તેનો અર્થ શું?



શંકર કહે "ભગવાન, આપ છો ગુણાતીત, આપને કોઈનો દોષ દેખાતો જ નથી. આ મોટી તકલીફ છે. અમારે તેમ ન ચાલે." રામ તો જાણતા હતા કે ઉમા–શંકરના લગ્ન થવાનાં જ છે. જેથી હસીને ચાલતા થયા અને કહ્યું કે "કર કસોટી."

સપ્ત ઋષિ એટલે સાત ઋષિ–ડોસા–૮૦–૯૦ વર્ષના, જમાનાના ખાધેલા, વેદના, માનસ શાસ્ત્રના નિષ્ણાત, યંત્ર–તંત્ર–મંત્રમાં પારંગત હતા. બધાએ જતાં પહેલાં મીટીંગ ભરી અને નક્કી કર્યું કે ઉમા બોલે કે તરત જ આપણે સાતે જણે મોટેથી ખડખડાટ હસવું. તેની મનોવિજ્ઞાનિક અસર ઉમા ઉપર પડશે. ઉમા હાલ હરિદ્વાર પાસે નજીકમાં સ્થળ છે ત્યાં બેઠાં છે. શરીર તદ્દન દુબળુ થઇ ગયેલ છે. તેવામાં સાત ડોસા આવ્યા. ઉમાએ જોયા. વંદન કર્યાં. ડોસા બોલ્યા, "ઉમા, શા માટે તપ માંડયું છે?" ઉમા ડોસાઓને જાણતી હતી એટલે તેણીએ પણ ઉંધી જ વાત શરૂ કરી. ઉમા કહે, "બાપજી, મને એક હઠ વળગી છે. બાકી કંઈ નથી." ઋષિઓ કહે, "શાની હઠ?" ઉમા કહે, "શંકર સાથે લગ્નની" ઉમા આ જ્યાં બોલી ત્યાં તો સાતે જણ મોટેથી હસ્યા. ઉમા વિચારમાં પડી ગઇ કે કેમ હસ્યા? પણ ઉમા ખૂબ સ્વસ્થ હતી. ઉમા કદી બોલવાનું શરૂ કરતી નહોતી. ડોસાના માત્ર જવાબજ આપતી હતી. ડોસા હસ્યા તો ઉમાએ ન પૂછયું કે કેમ હસ્યા. પછી ડોસાનેજ બોલવું પડયું, કે "ઉમા, શંકર સાથે લગ્ન કરવાની હઠ તને કોણે પકડાવી છે? "ઉમા કહે, "મારા ગુરૂ–નારદ." ત્યાં તો બધા ડોસા મોટેથી હસ્યા. ઉમા જોઈ રહી. ઉમા બોલતી જ નથી.

તમારે પણ જ્યારે કોઈને મહાત કરવો (હરાવવો) હોય તો સામાને બોલવા દો. તમારે માત્ર જવાબ આપવા.

જો બોલ્યા તો હારી જશો. ડોસા કહે, “ નારદને તું દીકરી જાણતી નથી. તેણે ઘણાના ઘર ભંગાવ્યાં છે. ” ઉમા કહે, “ સાચું હશે. પણ તે મારા ગુરુ છે. તેમણે કહ્યું તે મને માન્ય છે. ” ડોસાએ પછી મોટું પ્રવચન કર્યું. ઉમાએ માત્ર સાંભળ્યું, પણ બોલી નહિ. પછી શંકરના દોષોનું વર્ણન કર્યું. ઉમા બોલી, “ ઋષિઓ, ખુદ ઇશ્વર આવે અને કહે કે તારાં લગ્ન શંકર સાથે નહિ થાય અગર ખુદ શંકર આવી કહે કે હું તારી સાથે નહિ પરણું તો પણ હું ગુરુ વચન નહિ છોડું. ઈશ્વર-શંકર મને માન્ય નથી, ગુરુ મને માન્ય છે. “ આ કારણે બોલો છો ને કે “ ગુરુ ગોવિંદ દોનું ખડે, કીનકુ લાગુ પાય ? બલિહારી ગુરુદેવકી, ( જિન્હ ) ગોવિંદ દિયો બતાય. ગુરુ ગોવિંદમાં ઉમા ગોવિંદને જતા કરે છે તેનો અર્થ તેમ ન માનતા કે ગોવિંદ પ્રત્યે શ્રદ્ધા નથી. ગોવિંદમાં જે નિષ્ઠા છે તે નિષ્ઠાથીજ ગુરુની પસંદગી પ્રથમ છે. જેને ગોવિંદમાં નિષ્ઠા ન હોય, તે ગુરુમાં નિષ્ઠા નહિ રાખી શકે.

ગોવિંદ છે કોણ ? તમારો આત્મા. તમારા આત્મામાં જ્યાંસુધી તમે નહિ હો ત્યાંસુધી ગુરુમાં શ્રદ્ધા નહિ હોય. ગુરુ કોણ છે ? સહજ આત્મસ્વરૂપ-પરમ ગુરુ. દેહનું નામ ગુરુ નથી. સતનું નામ ગુરુ છે. જેણે સત જાણ્યુ તે સંત છે. આવા સંત તે નારદ છે. પછી ઋષિઓ બોલબોલ કરતા હતા. એટલે બોલવામાં ભુલ કરી બેઠા. જે બહુ બોલે તે પોતે જ બંધાઈ જાય. ઋષિઓ કહે, “ ઉમા, શંકરતો દોષોનો ખજાનો છે. તે કરતાં તો શ્રીપતી વિષ્ણુ સાથે લગ્ન કરાવીએ. ” ઉમા કહે, “ બાપજી, તમે જ કહો છો કે શ્રીપતી એટલે લક્ષ્મીના પતિ-વિષ્ણુ સાથે લગ્ન કરાવીએ. તો મને લક્ષ્મીની શોક

( પૃષ્ઠ ૫૧ ઉપર )



# એક સાધકના યોગાનુભવમાંથી

પુષ્કર ચંદરવાકર

( ગતાંકથી ચાલુ )

આવી અનુભૂતિઓની સાથોસાથ ડો. અમીનને જે દર્શનો-અં-વિઝન્સ થયા, તેને પણ તેઓ વર્ણવે છે. આ દર્શનોનો પ્રારંભ શ્રી અરવિંદ આશ્રમ-પોંડિચેરીમાંથી થાય છે, તેઓ લખે છે કે... દિવસનો મોટોભાગ મહર્ષિ અરવિંદની સમાધિ આગળ ધ્યાનમાં બેસી રહેતો. ત્યાં મને સફેદ કમળ દેખાવા લાગ્યાં. લાલ કમળ પણ ખરાં. નીરવ શાંતિ ઉપરાંત ભ્રૂકુટિમાં પ્રકાશની સાથે શ્વેત કમળો પણ તે સમયે હ્રદયમાં જમણી બાજુની નાડીના ધબકારની સાથે ગાયત્રીના મંત્રનો અજપાજપ ચાલુ જ રહેતો.'

ડો. અમીન આવી સ્થિતિમાં પરિવર્તનને પામ્યા હોય ત્યારે દેહભાન લગભગ ગુમાવી દેતા. ચિત્ત નિર્વિકલ્પ બનતું. સત્-ચિત્-આનંદની સ્થિતિને પામતાં તેઓ લખે છે કે, 'વૃત્તિઓ એટલી બધી અંતર્મુખી રહેતી કે કોઈપણ દશ્ય કે ક્રિયાની પ્રતિક્રિયા થતી નહીં.'

દર્શનોની દેહદશા ને મનોદશાને ડો. અમીને આબેહૂબ વર્ણવ્યાં છે, તેમની ગણેશપુરીની યાત્રામાં બાબા પરમહંસ સ્વામી મુક્તાનંદના આશ્રમે તેઓ લખે છે કે ઇ. સ. ૧૯૭૦ ની છૂટ્ટીઓમાં અં. વેકેશન, ' ગણેશપુરી ' જવાનું થયું. ત્યાં મને એકાએક અલૌકિક અનુભવો શરૂ થયા; એકદમ શ્વાસ થંભી જાય. આંતર કુંભક થાય અને ચારેય બાજુએ અંદર-બહારે પ્રકાશ પૂંજો ઊભરાવા લાગ્યા. પ્રકાશની તેજ ધારાઓ શરૂ થઈ ગઇ હોય, પ્રકાશના ફુવારા ઊડતા લાગે ને આખું

વાતાવરણ નાના મોટા દિવ્ય તેજ પૂંજોથી ઊભરાઇ જાય અને સાથો સાથ અનેક દિવ્ય મૂર્તિઓનાં દર્શન થવા લાગ્યા. સંતો, મહાત્માઓ, સંન્યાસીઓ, સિદ્ધ પુરૂષો, યોગીઓ, અનેક વિધ દિવ્ય પુરૂષોનાં દર્શનનો અસ્ખલિત પ્રવાહ શરૂ થયો. કલ્પનામાં ન આવે તેવું દિવ્ય વાતાવરણ ઊભું થયું. શરીર એકદમ હળવું ફૂલ જેવું થઈ ગયું.

ગાંવદેવીથી નિત્યાનંદ મહાપ્રભુની સમાધિ સ્થળે ગરમ પાણીના કુંડોમાં સ્નાન કરવા જાઉં ત્યારે શરીર અદ્ધર ચાલતુ હોય તેવું અનુભવાય. પગ ઉપર ને ઉપર ઉડતા હોય તેવું સડસડાટ ચાલ્યા કરે. નિત્યાનંદ મહાપ્રભુની મૂર્તિમાંથી આખુ સ્વરૂપ બહાર નીકળી આંખ આગળ તરવરવા માંડે અને પછી હૃદયમાં સમાઇ જાય, તેવું લગભગ બધા જ દેવમંદિરોના સંબંધે બને. રાતની ઊંઘ લગભગ જતી રહે અને રાતદિવસ અખંડ એકધારી દિવ્ય તેજવલયોએ રમ્ય આનંદ ઉભરાય. એટલા બધા અનુભવો થાય કે મન એમાં એવું લીન રહે કે સમય કયાં પસાર થઇ ગયો તેની ખબર જ ના રહે. દેશકાળ ને દેહની વિસ્મૃતિ થઈ જાય. જગતનો કોઈ વિચારજ નહીં, જીવભાવ પણ ટકે નહીં.

તે દિવસોમાં અનુભૂતિઓનો અસ્ખલિત ધારા પ્રવાહ વહે અને મન એમાં એવું એક રસ થઈ જાય, વૃત્તિ એવી અંતર્મુખ થઇ જાય કે અનુભવોની નોંધ કરવાનું પણ મનને રુચે નહીં. પ્રકાશ પૂંજો. તેજવલયો, આકાશમંડળ ટમટમ થતા તારકવૃંદો, દેવમંદિરો, દેવદેવીઓનાં દિવ્ય સ્વરૂપો, ગુફાઓ, ઝરણાઓ, વિવિધ લોકો, સિદ્ધો, મહાત્માઓ, સંતો, સાધકનું સૂક્ષ્મ શરીર, ગુરુપાદુકાઓ, પુષ્પરાશિ, શ્રીફળ, ઘંટ, ચંદન આદિ પૂજન અર્ચન સામગ્રી, ભવ્ય



દીપાવલિ, યજ્ઞકુંડ, નાનાં બાળકો, ગૌધણ, વાછરડાં, હાથી, અશ્વાદિ પ્રાણીઓ, જવારા તથા વિવિધ વનરાજી તથા વૃક્ષઝુંડ અને ગીચ જંગલો, નાનું-સરસવના દાણા જેવડું ને જેવું શ્વેત, કૃષ્ણ, રકત, કે નીલ તેજ બિંદુનું દર્શન; આવાં અલૌકિક અનુભવોનો પ્રવાહ ચાલુ જ રહે!"

આ તો સાધક દશાની અનુભૂતિઓ ડો. અમીને નોંધી છે, પણ તે ક્ષેત્રમાં તેમણે પ્રવેશ કઈ રીતે ને કયાં કર્યો તેની નોંધ પ્રણ પ્રાપ્ત થાય છે. તે અંગે તેઓ લખે છે કે, "ઈ. સ. ૧૯૬૪માં સાબરમતી નજીક મોટેરા આશ્રમમાં "શ્રી સદાશિવ" સ્વામીના સંપર્કમાં આવ્યો. સદાશિવ સ્વામી સિદ્ધ યોગી હતા. યજ્ઞપીઠ-સાવિત્રીપીઠમાં "શ્રી વિદ્યાયંત્ર"-ના મંત્રોથી ત્રિકાળ આહુતિ આપવામાં આવતી હતી. તેઓએ મને મંત્રદીક્ષા આપી. 'સોઽહં' મંત્ર પછી, ગાયત્રી મંત્ર, મહા ગાયત્રી મંત્ર, શ્રી વિદ્યામંત્ર, પ્રણવમંત્ર, આ વિવિધ-મંત્રોને લોમ-વિલોમ વિશ્લેષણમાં, તેમની સાથે તાલયુકત સ્વરમાં કલાકો સુધી ગુફામાં બેસી તથા યજ્ઞમંડપમાં બેસીને મોટેથી વેદોકત પદ્ધતિએ જપ કરાવ્યો. એમણે અંતરના પ્રેમથી મંત્ર દીક્ષા આપી, જે મંત્રો હું ત્યાં આશ્રમમાં જાગ્રતાવસ્થા દરમ્યાન અખંડપણે કરવા લાગ્યો. શરીરના અંદરના વિવિધ સ્થાનોમાં મંત્રને ફેરવવાનો અને જ્ઞાતા દૃષ્ટાભાવે એનાં સ્પંદનો અનુભવવામાં સાધારણ પ્રકારની અનુભૂતિ થવા લાગી.

તેઓશ્રીના માર્ગદર્શન પ્રમાણે ગાયત્રીના અનુષ્ઠાન પણ કર્યાં; હૃદય ચક્રમાં સતત્ ગાયત્રી કર્યા કરી, બ્રહ્મસંપૂટ અને રુદ્ર સંપૂટ સાથે ગાયત્રી પુષ્કળ પ્રમાણમાં કરી. જાગ્રતાવસ્થામાં ચાલુ જ રાખી. પછી હૃદયમાં જમણી બાજુએ

નાડીના ધબકારા સાથે અખંડ પણે ગાયત્રીનો અજપાજપ ચાલુ થયો. અખંડ જપ ચાલ્યા જ કરે. સમગ્ર સુરતા ત્યાં કેન્દ્રિત થઇ ગઈ. નીરવ શાંતિ અનુભવવા લાગ્યો. નિર્વિચાર સ્થિતિ આવી. માત્ર અજપાજપ ચાલ્યા કરે અને અંદરથી કોઇ જ્ઞાતા દૃષ્ટાભાવે તેને જોયા કરે. એકદમ નીરવ શાંતિ વર્તાવા લાગી. નિર્વિચાર સ્થિતિ રહેવા લાગી. એમાંથી નિતાંત આનંદમય અને પ્રશાંત સ્થિતિ થવા લાગી. મારે ધ્યાન ધરવું નહોતું પડતું પણ અખંડપણે ધ્યાન રહ્યા કરતું.'

આ હતો ડો. અમીનના સાધક જીવનનો પ્રારંભકાળ, પણ આ બધી અનુભૂતિઓ યોગ-કર્મયોગની દીસે છે. અર્થાત્ યોગની વ્યવહાર જીવનની ( Applied and Practical Stages ) અનુભૂતિઓ લાગે છે. આ જ્ઞાન ગુરુ પરંપરામાંથી પણ પ્રાપ્ત થાય. પણ કોઇ મુમુક્ષુ માત્ર યોગ કરે, તેથી તે મુમુક્ષુ-સ્થિતિને પ્રાપ્ત કરતો નથી. મુમુક્ષુ માટે ઉચ્ચોચ્ચ દશા તો તે જ્યારે જ્ઞાનયોગી બને, ત્યારે જ ઉચ્ચ સ્થિતિને પ્રાપ્ત થાય છે. તે કક્ષાએ પહોંચવા માટે વેદ, વેદાંત, ઉપનિષદો, ગીતા, વિવેક ચૂડામણિ વગેરે ગ્રંથોનો વિવેક પુરઃસરનો અભ્યાસ કરવો જોઇએ. મુમુક્ષુ દશાને પ્રાપ્ત કરવા.

ડો. અમીનને આવા બે ગુરુ સાંપડી ગયા છે, તેમાં પ્રથમ છે સ્વામી શ્રી સ્વરૂપાશ્રમજી. તેઓ ખંભાતનિવાસી હતા ને સ્વાધ્યાય માટે ડો. અમીન નિત્ય સાંજે જતા. તે અંગે ડો. અમીન લખે છે કે 'એમની સ્વાધ્યાય પદ્ધતિ અનોખી અને અલૌકિક હતી. જ્ઞાનનિષ્ઠા અદ્વિતીય હતી. તેઓ વેદાંતના ગ્રંથોની પંક્તિએ પંક્તિ બેસાડી સ્વાધ્યાય કરાવતા.'

તો કાયાવરોહણ-કારવણના 'કૃપાલુ આશ્રમ'માં ઈ. સ.



૧૯૭૪માં શ્રી કૃપાલ્વાનંદજી સ્વામીજીએ ડો. અમીનની કુંડલિની શક્તિને જાગૃત કરી, ત્યારે પ્રાણાયમની સાથે ઓમ-ૐ પ્રણવનો નાદ શરું થયો તેમજ અંતરગત બિંદુ દર્શન થયું. આ બધી જોરદાર ક્રિયાઓ ચાલુ જ રહેતી. આ સ્થિતિને સન્યસ્ત દીક્ષા આશ્રમની પરંપરા પ્રમાણે માની શકાય.

જે પ્રણવનાદની ડો. અમીને અનુભૂતિ કરી આ પ્રણવનાદ બે પ્રકારના હોય છે કે બંધ મુખે પ્રણવનાદ થાય તે શ્રેષ્ઠ ને ખૂલ્લા મુખે પ્રણવનાદ થાય તે સામાન્ય મનાય છે.

આવી કષ્ટદાયક-સંસારી જીવોની નજરે-સ્થિતિમાંથી સાધક કંઇ પ્રાપ્તિ માટે પ્રસાર થતો હશે ? આવો સહજ પ્રશ્ન થાય જ. ખરેખર તો, યોગશાસ્ત્ર ભારતીય માનસશાસ્ત્ર છે. રખડુ ને ભ્રમણ શીલ ચિત્તને-મનને વશ કરવા, સંયમમાં લેવા માટેની આ એક પદ્ધતિ-શાસ્ત્ર છે, કેમકે માનવમન સાવ રેઢિયાળ પણ છે. તે વિષ્ટાના ઢગમાં ય દોટ દઇ આવે છે. તે વાસનાઓ, ઈચ્છાઓ, અભીપ્સાઓ અને લાલસાના પંક કુંડમાં ડુબકીઓ ખાધા કરે છે. તેવા સભાન, અસંપ્રજ્ઞાત ને અવચેતન મનને નાથવું જ પડે. ને તેને નાથવામાં આવે પછી શી અનુભૂતિ થાય છે ! ડો. અમીન અસ્વસ્થ દેહધારી માનવ છે, પણ તેમની સ્થિતિ કેવી છે ? તેઓ, આ અંગે, લખે છે કે, 'હાલમાં શરીરની સ્થિતિ 'ગ્લાસ વિથ કેર' કાચની સંભાળ લેવા જેવી છે. યોગાભ્યાસ-ધ્યાન વગેરેમાં એનાથી અડચણ આવે, પણ જ્ઞાનમાં સહજપણે બાધા આવે નહીં, કોઇ વખતે મનને પરવશતા લાગે. બહારગામ જઈ શકાય નહીં, કોઇ ફંકશન, મેળાવડા કે શુભાશુભ પ્રસંગોમાં હાજરી આપી શકાય નહી. પણ એકંદરે આ

સ્થિતિથી આધ્યાત્મિકતામાં મોટો ફાયદો થયો છે. શરીરની નશ્વરતાના વિચારને કારણે અંદર સતત્ જ્ઞાનજન્ય વૈરાગ્ય રહ્યા કરે છે. ઉલ્લાસિત-ઉદાસીનતા રહ્યા કરે. એકાન્ત એકદમ ગમે અને એકાન્તમાં રહીને શેષ જીવન અખંડપણે જ્ઞાનની ધારામાં રહે એવી ભાવના રહ્યા કરે. પોતાના સ્વભાવમાં-જ્ઞાતા દૃષ્ટા ભાવે રહી, 'સર્વાત્મભાવ અને સર્વ-ભૂત હિતે રત' રહેવાની ભાવના રહ્યા કરે, શરીરની પ્રતિકૂળતાને કારણે કોઈપણ પ્રકારનું રાજસ કાર્ય કે દુઃસાહસ થતું અટકી જાય છે. અને પછી મનનું એ દ્વાર કાયમને માટે બંધ થઈ ગયું એવો મોટો કર્મબંધ થતો અટકી ગયો. અંદરના ઘોડા દોડતા બંધ થઈ ગયા.

હવે શરીર કોઈપણ સમયે, કોઈ પણ રીતે છૂટી જાય તો વાંધો આવે નહીં, એવી આંતરિક સ્થિતિ થઈ ગઈ છે. શરીરની પ્રતિકૂળ સ્થિતિએ અંદરખાને મોટો ફાયદો કરી આપ્યો છે. એને કારણે સતત્ એકાન્ત અને નિદિધ્યાસન રહે છે. શારીરિક તકલીફને કારણે ઘસઘસાટ ઊંઘ કદાપિ પણ આવતી નથી, એટલે તમોગુણમાં જવાનું બનતુ નથી, લગભગ આખી રાત મનન-નિદિધ્યાસનમાં પસાર થાય, ઊંઘ ન આવે તો પણ આખી રાત સારામાં સારી જાય. આ સમય સર્વોત્તમ હોય, કોઈ શારીરિક કે માનસિક વિક્ષેપ નહિ. લગભગ બધાંનાં-સંસારી માણસોનાં, માનસિક તરંગો પણ શમી ગયા હોય, એટલે 'મનન'માં આ સમય સર્વશ્રેષ્ઠ જાય છે, આજે પણ આખી રાત અપૂર્વ આનંદમાં પસાર થાય છે. સ્વરૂપ સ્થિતિ સારામાં સારી રહે!'

મનનું આ સમાધાન-સ્થિતિ કાંઈ ઓછી ઉપલબ્ધિ છે? જે સ્થિતિમાં સંસારી જીવ ત્રાસને પામતો હોય, અકળ



વિકળ બની જતો હોય, અજંપો અનુભવતો હોય ત્યારે જ્ઞાની સાધક આત્માને તે સ્થિતિને આનંદદાયક ગણે, માને ને આનંદ અનુભવે!

ખરેખર સાધકના, માટે તો या निशा सर्व भूतानाम् तस्याम् जाग्रति संयमी, આ સ્થિતિ આનંદ જનક તો ખરી, પણ પરમાનંદનો લ્હાવો બની રહે છે! ડૉ. અમીન તે પ્રકારના સત્ ચિત્ ને આનંદને આંબેલ કોટિના એક સંસારી સાધક છે!

---

જિંદગી ડુંગળીના દડા જેવી છે : આપણે એનાં પડ એક પછી એક ઉખેળતા જવાનું—અને કયારેક રડવાનું.

IS: 10001

ઓ. ૨૮૪૧૭
ફે. ૮૭૨૨૩
ઘ. ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૨

## આણું

રાધાવરનાં તે આણાં અમને આવિયાં,
સુંદરવરનાં રે આણાં અમને ભાવિયાં;
મનના માન્યાનાં આણાં તે આવિયાં.

આણે તે આવ્યા વનમાળી,
જાનડીઓમાં સહુ વ્રજનારી,
જાનની ગાઉં શી બલિહારી ?

ગિરિધારી કેરાં તે ગાણાં ભાવિયાં,
સુંદરવરનાં રે આણાં અમને આવિયાં.

જાન આવી દૂર સુ દૂરની,
મળ્યા લાગી તે મીઠા સૂરની,
દીવાની હું તો રે એના નૂરની;

કા'નાને સંદેશા અમે રે કહાવિયા,
રાધાવરનાં તે આણાં અમને આવિયાં.

રણજિત પટેલ (અનામી)



# ચઢતી–પડતી

રતિલાલ સાં. નાયક

સૂર્યને ઊગતો જોઇ આપણે ઉદય થયો કહીએ છીએ. એને આથમતો જોઇ આપણે અસ્ત થયો કહીએ છીએ. કવિતા રચી એમાં તત્ત્વજ્ઞાન ઉમેરી બોલીએ છીએ:—

ઉદય ને અસ્તનાં ચક્રો સદા ગતિમાન થઇ રહે છે;
વિપદ–સંપદ તણાં જોડાં અલગ પણ સાથમાં રહે છે.

સૂર્યની આપણે જે સ્થિતિ જોઇ એની સાથે આપણા જીવનની દશાને આપણે આ રીતે સરખાવવા મથીએ છીએ. આપણા જીવનમાં આપણને ક્યારેક પાનખરનો અનુભવ થાય છે તો ક્યારેક વસંતનો અનુભવ થાય છે. આપણા આયુષ્યમાં આપણને એક બાજુ મળે છે હર્ષની હરિયાળી ભોંય તો બીજી બાજુ ક્યારેક વહેવા માંડે છે એમાં જ શોકની સરિતા. આપણી આંખ ક્યારેક હસતી અને ક્યારેક રુદન કરતી અનુભવીએ છીએ.

આપણા જીવનને ક્ષણે ક્ષણ પરિવર્તન પામતું જોઇ આપણે પ્રતીત કરીએ છીએ કે:—

સહસ્ર સ્રોતથી ઘેલી નદી જીવનની વહે;
ઘડી શુદ્ધ ઘડી મેલી ક્ષણે ના સરખી રહે.

નદીની જેમ આપણા જીવનમાં ક્યારેક હર્ષ ને ઉત્સાહ હોય છે તો ક્યારેક શોક અને વ્યથા હોય છે.

જીવનને ગુલાબના ફૂલ સાથે સરખાવી આપણે કહીએ છીએ:—

ગુલાબને કંટક હોય અંગે,
આ જિંદગીમાં સુખદુઃખ સંગે.

જિંદગી વિશેની આપણી વિચારણા કહેતી જાય છે :

કંઇક પૂનમ ઊગી આથમી જીવન કેરે આભ;
તેજ અને છાયાથી ભરિયો દોરંગી ફૂલછાબ.

આપણાથી પોકારી જવાય છે :

એવાં ઊછળે છે આ જિંદગીનાં મોજાં;
કે કો'ક દિન ઈદ અને કો'ક દિન રોજા !

વાસ્તવમાં, માનવમન કરુણા પ્રેમ અને સેવાની ભાવનાથી વિશાળ બની ઊજળાં કામ કરે છે, તો ક્રોધ કામ ને લોભ-લલુતામાં લપટાઈ નિંદ્ય આચરણ પણ કરી બેસે છે. દરમ્યાન કર્મનો સિદ્ધાન્ત આવી મળે છે ને માનવને સુકૃતનું સારું ફળ અને બૂરી કરણીનું બૂરું ફળ ભોગવવાનું આવે છે. એ સફળતામાં નાચેરાચે ત્યારે તો ઠીક પણ નિષ્ફળતા અને મુસીબતો એને ઘેરી વળે છે ત્યારે હાયકારો નાખતો એ બોલી ઊઠે છે :-

છે માનવી જીવનની ઘટમાળ એવી;
દુઃખપ્રધાન સુખ અલ્પ થકી ભરેલી.

અને અહીં જ જરૂર પડે છે સમ્યક્ ચિંતન અને સમ્યક્ જ્ઞાનની. મનુષ્ય ભૂલી જાય છે કે જે સૂર્યને એક બાજુથી એણે અસ્ત પામતો જોયો એ જ સૂર્ય બીજી બાજુથી બીજાને ઉદય પામતો જણાયો હોય છે. એકને જ્યાં અસ્ત દેખાયો ત્યાં જ બીજાને ઉદય દેખાય છે. હકીકતમાં સૂર્ય તો સ્થિર છે; ફરે છે એ તો પૃથ્વી છે. પૃથ્વી પોતાની ધરીની આસ-પાસ પણ ફરે છે ને એમ ફરતી-ફરતી એ સૂર્યની ફરતે



પણ ફરે છે. તેથી જ એકને એક જગ્યાએ રાત્રિનું તિમિર દેખાય છે ત્યાં જ સામેનાની બાજુનાને દિવસનો પ્રકાશ દેખાય છે. જ્ઞાનીઓ આ જગતમાં જેને માયાનું આવરણ કહે છે એવી જ આ ઘટના છે.

માયારૂપી નટડીની રમત એકવાર જે જાણી જાય છે એ પછી વિચલિત નહીં થાય. એ તો સુખમાં અને દુઃખમાં સરખાપણે વર્તશે. એને મનનું સમાધાન લાધી જવાનું કે સુખની છોળો ઊછળવા લાગે ત્યાં ધીમે રહીને દુઃખ ડોકિયું કરતું આવી પહોંચવાનું અને મુસીબતો ઘેરી વળવાની એમ થતું જ હોય છે; વળી એવું પણ થતું હોય છે કે દુઃખનાં ઘટાટોપ વાદળો ઘેરાયાં હોય છે ને ઘોર નિરાશા ઘેરી વળી હોય છે ત્યાં જ આસ્તે રહીને સુખની ઉજ્જવળ તેજરેખા અચૂક ઝળહળી ઊઠતી હોય છે.

ઊંચીનીચી ફર્યા કરે જીવનની ઘટમાળ;
ભરતી તેની ઓટ છે, ઓટ પછી જ જુવાળ.

આ પરિસ્થિતિમાં આપણે એક જ શિક્ષા લઈએ કે

ખરી પડ્યાં પર્ણ સહુય તોયે,
ઠૂંઠું બનેલું તરુ રાહ જોતું;
સરી પડ્યાં સ્વપ્ન નહિ આશસિદ્ધિ,
હું માનવી ધીરજ શીદ છોડું ?

આપણે સહુ કાળવનનાં મુસાફરો છીએ. કાળ એક હાથમાં ચાબુક લઈ આપણને સતત આગળ ને આગળ ધકેલતો રહે છે. એ ચલાવે છે ને આપણને ચાલવું પડે છે. સૂર્ય અને ચંદ્ર અને ઋતુ ઋતુનાં પરિવર્તન એ બધું જ આ કાળ-અંકુશિત છે.

કાળ આપણને ભયાનક લાગે છે પણ એ કાળનેય દોરતી કોઇક નિયતિ પણ છે. અને એ નિયતિ તો શિવંકર છે. કાળ પ્રલયંકર હશે; નિયતિ તો શુભંકર છે. આટલું સમજી જઈએ તો ચઢતી-પડતી આપણને કશી જ અસર નહિ કરી શકે.

કાળનો સામનો એક જ રીતથી થઈ શકે અને તે એક જ કે સ્થિતપ્રજ્ઞભાવે જે થાય તે જોયા કરવું ને સર્વ કંઈ થવા દેવું.

એક કવિમિત્ર જે. એચ. અધ્વર્યુએ કહ્યું છે તેમ–

ઝૂઝું ઝૂઝું જીવન મહીં છો મૃત્યુનો નાદ સુણું;
ઝૂઝું ના તો પ્રભુ-અરપિયું જીવવું સર્વ ઊણું.

શ્રી યોગેશ્વર કૃપા.
સંદીપ વેલ્ડીંગ વર્કસ
ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.



# કર્મયોગી સ્વામી શિવાનંદજી મહારાજ

મહેન્દ્ર ઈ. પંડયા

ભારતની ભવ્ય સંસ્કૃતિનું એક અંગ આપણી સંત પરંપરા છે. કેટલાક સંતો પ્રભુભકિત અને જ્ઞાનમાર્ગના ઉપાસકો જ હોય છે, તો કેટલાક સંતો તદ્ઉપરાંત સમાજ-કલ્યાણને પણ પોતાની સાધનાનું અંગ માની આધ્યાત્મિકતાની સાથે સમાજકલ્યાણની વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રીય ફાળો આપે છે, માનવસમાજની વ્યથા, વેદના, કલેશ, વગેરેનાં દર્શનથી એમના અંતરમાં અનુકંપા જાગે છે, અને સાંસારિક જીવન સાથે આધ્યાત્મિકતાનો સુમેળ મેળવી સંસારની પિડિત વ્યકિતઓના જીવનમાં સુખ અને આનંદની વૃદ્ધિ કરવી એ એમની આધ્યાત્મિક સાધનાનું એક અગત્યનું અંગ બને છે. માનવીની સાંસારિક પ્રવૃત્તિઓની સાથે સાથે જ એની આધ્યાત્મિક ઉન્નતિ દ્વારા-સંસારીઓના માનસિક વિકાસદ્વારા તેમના જીવનમાં ઉચ્ચ મૂલ્યોની સ્થાપના કરી જીવનની વિષયતા, સંઘર્ષો વગેરેનો સામનો કરવાની શકિત કેળવવાનો આ પ્રવૃત્તિઓનો હેતુ હોય છે, સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધી, સ્વામી શિવાનંદજી વગેરે સંતો આ વર્ગમાં આવે છે. મહાત્મા ગાંધીજીએ રાજકારણમાં મહત્ત્વનો ભાગ ભજવ્યા છતાં એ આજીવન સત્યના ઉપાસક જ હતા અને ભારતની જનતાની દૃષ્ટિએ એ સમાજકલ્યાણની ભાવનાને વરેલા સંત-મહાત્મા જ હતા.

પૂ. સ્વામી શિવાનંદજીનો જન્મ તારીખ ૮મી સપ્ટેમ્બર ૧૮૮૭ના રોજ દક્ષિણભારતમાં પટ્ટામડાઈ ગામે થયો હતો.

૮મી સપ્ટે. ૧૯૮૭ના રોજ એમની જન્મશતાબ્દી દિવ્યજીવન સંઘનાં મુખ્ય મથક–ઋષિકેશના શિવાનંદ આશ્રમ તથા સંઘની દેશ–વિદેશની વિવિધ શાખાઓમાં ઉજવાઈ ગઈ છે. એમનો જન્મ એક વિદ્વાન બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો અને એમનું પૂર્વાશ્રમનું નામ કુપ્પુસ્વામી હતું. સેવાની ભાવનાથી એમણે મેડીકલ શાખાનો અભ્યાસ કર્યો, અને અભ્યાસને અંતે ડોકટર કુપ્પુસ્વામી બન્યા. મલાયામાં નોકરી કરતાં કરતાં ગરીબ મજુરોની વચ્ચે દસ વર્ષ ગાળ્યાં, અને એમનાં દુઃખો નિહાળતાં એમના સંવેદનશીલ સ્વભાવે માનસિક વ્યથાનો અનુભવ કર્યો. એ ભારત પાછા આવ્યા અને ૧૯૨૩માં સાંસારિક જીવનનો ત્યાગ કર્યો. બાર વર્ષ સુધી સાધના કરી માનવજીવનનાં આધિ, વ્યાધિ, ઉપાધિ શી રીતે દૂર થાય એ વિષે ચિંતન કર્યું. ઋષિકેશના તેમના એકાંતવાસ દરમ્યાન શંકરાચાર્ય મઠના પ્રખર સંન્યાસી સ્વામી વિશ્વાનંદ સરસ્વતીનો તેમને મેળાપ થયો અને એમને ડો. કુપ્પુસ્વામીમાં પ્રતિભાશાળી શિષ્યનાં દર્શન થતાં એમણે ડો. કુપ્પુસ્વામીને જૂન ૧૯૨૪માં દીક્ષા આપી સ્વામી શિવાનંદ સરસ્વતી નામ આપ્યું. બાર વર્ષની આ સાધના અને ચિંતન પછી એમને સમજાયું કે " અત્યારે ભારતને અને વિશ્વને ગુફામાં રહેતા એકાંતવાસી સંત કરતાં માનવસમાજની વચ્ચે રહી સમાજને પ્રેરણારૂપ બને તેવા સંતની જરૂર છે. " આસપાસના માનવ-સમાજની સ્થિતિ અને સંસારીઓનાં દુઃખો નિહાળી એમણે પોતાનું સમસ્ત જીવન માનવસેવામાં સમર્પિત કરવાનો નિશ્ચય કર્યો, અને એકાંતવાસનો ત્યાગ કર્યો. એ નિર્ણયના પરિણામ-રૂપ ૧૯૩૬માં દિવ્યજીવન સંઘની સ્થાપના કરી અને એ સંસ્થાના આશ્રયે સમાજકલ્યાણની વિવિધ પ્રવૃત્તિનો આરંભ કર્યો.



એમની દિવ્યજીવનની ભાવના આ પ્રમાણે છેઃ–દિવ્ય-જીવન એટલે સદ્વર્તન, આત્મસંયમ, સત્યનું આચરણ, માનવસેવા, ધ્યાન અને આત્મનિરીક્ષણ. શિવાનંદ આશ્રમમાં એક આરસનો સ્તુપ છે, એના પર " Love, Serve, Meditate, Realise " આ શબ્દો કોતરેલા છે, જે દિવ્ય જીવન માટેના મૂળભૂત સિદ્ધાંતો છે. દિવ્ય જીવનદ્વારા માનવીના શરીર, ઈંદ્રિયો, મન અને બુદ્ધિનો સર્વાંગી વિકાસ સધાતાં માનવી પૂર્ણતાને પામે છે, પરંતુ એને માટે આવશ્યક છે, હઠયોગ, કર્મયોગ, સંયમ અને સંકલ્પશકિત. પ્રત્યેક વ્યકિતમાં આ માટે જરૂરી જ્ઞાન તો હોય છે જ, પરંતુ આ સાધનોદ્વારા માનવસુલભ નબળાઇઓનો ત્યાગ કરી શકાય તો જ દિવ્યજીવનદ્વારા માનવી પૂર્ણતાને પામી શકે.

ભારતીય સંસ્કૃતિના જ્ઞાનવારસારૂપે આપણી પાસે વેદ, ઉપનિષદ, ગીતા, રામાયણ, વગેરે ગ્રંથો છે, અને યોગસાધના માટે પતંજલિ યોગદર્શન વગેરે માર્ગદર્શક ગ્રંથો છે. એ સર્વ જ્ઞાન સામાન્ય સંસારી જનો સુધી પહોંચે અને માત્ર વિદ્વાનો કે અભ્યાસી વર્ગમાં સિમિત ના રહે એ રીતે એ જ્ઞાનનો જનતામાં પ્રચાર કરવાના હેતુથી એ વિષયો પર એમણે સરળ અંગ્રેજીમાં ૩૦૦ થી વધુ પુસ્તકો લખ્યાં છે, અને એ પુસ્તકોનાં ભારતની તથા વિદેશોની જુદી જુદી ભાષાઓમાં અનુવાદ પણ થયા છે એ પુસ્તકોના ગુજરાતીમાં અનુવાદ દિવ્યજીવન સંઘની ગુજરાતની શાખાઓ રાજકોટ, અમદાવાદ, વડોદરા વગેરે દ્વારા પ્રસિદ્ધ થયા છે. સ્વામીજીની જન્મશતાબ્દિ નિમિત્તે આ પુસ્તકોના સંપૂટ સસ્તાદરે દિવ્ય-જીવન સંઘના મુખ્ય મથક–ઋષિકેશ તરફથી પ્રસિદ્ધ થયા છે. એમના પુસ્તકોના વિષયો મુખ્યત્વે કરીને ઉપનિષદ, ગીતા, રામાયણ તથા યોગના વિવિધ વિષયો–હઠયોગ,

રાજયોગ, કર્મયોગ, સાધના, ધ્યાન વગેરે પર આધારિત છે, અને એમાં સાંસારિક જીવનમાં પણ આધ્યાત્મિક ઉન્નતિ સાધવાનું માર્ગદર્શન મળે છે. એમનાં થોડાં પુસ્તકોના નામ નીચે મુજબ છે.

Sadhna, Principal Upnishads, yoga Sanhita, Health & Happiness, Essence of yoga, Sureways of Success in life & God Realisation. આમાનાં લગભગ બધાં જ પુસ્તકોના ગુજરાતી અનુવાદો ઉપલબ્ધ છે.

હવે આપણે સ્વામીજીની કર્મ સંબંધી વિચારધારા સંક્ષેપમાં જોઈએ. એ વિચારધારા પ્રમાણે—

કર્મનો પ્રકાર મહત્ત્વનો નથી, કર્મ શારીરિક હો યા માનસિક અથવા બૌદ્ધિક હોય, એ સામાન્ય શ્રમનું હોય કે ઉચ્ચકક્ષાનું હોય, પણ એમાં વિવેકબુદ્ધિ હોવી જોઈએ. એ કાર્યથી કોઈને શારીરિક કે માનસિક વ્યથા, વેદના કે નુકશાન ના થવું જોઈએ. જે કોઈ કાર્ય કરો તેમાં દુર્લક્ષ ના થવું જોઈએ. મનની એકાગ્રતા અને સંપૂર્ણ નિષ્ઠાથી કાર્ય કરવું જોઈએ. મનની એકાગ્રતા પર જ કર્મની સફળતાનો આધાર છે. આ સર્વ કર્મનાં આધિભૌતિક અથવા નજરે જોઈ શકાય એવાં લક્ષણો છે.

માનવમનમાં હંમેશાં વિચારો જન્મે છે, અને કર્મ એ વિચારોને અનુસરે છે. કોઈપણ જીવન વ્યક્તિ તદ્દન કમવિહિન સ્થિતિમાં રહી શકે નહિં. ખાવું, પીવું, હરવું, ફરવું, ઉંઘવું વગેરે તો માનવીની ઐચ્છિક ક્રિયાઓ છે, પરંતુ શ્વાસ લેવો, બગાસું ખાવું, વગેરે પણ શારીરિક ક્રિયાઓ જ છે, અને આ ક્રિયાઓનો તો બાળકના જન્મ સાથે જ આરંભ થાય છે; એટલે માનવી નિષ્ક્રિય તો રહી શકે જ નહિ તો પછી કર્મ અને કર્મયોગ વચ્ચે તફાવત



શું હોય છે ? કર્મની સ્થૂળ આવશ્યકતાઓ તો ઉપર જણાવી, પરંતુ કર્મયોગ એથી કાંઇ વિશેષ છે ? હા, યુજ્ સંસ્કૃત ધાતુ પરથી યોગ શબ્દ આવેલો છે, અને યોગ એટલે જોડાવું તે. અહીં સ્થૂળ કર્મદ્વારા વિશ્વની પરમ શક્તિ-પરમાત્મા સાથેનું જોડાણ, અને સ્થૂળ સાંસારિક, શારીરિક કર્મો કરતાં છતાં એ પરમ શક્તિ સાથેનો સંયોગ એટલે જ કર્મયોગ. એને માટે મુખ્ય સાધન છે મન, માનસિક વિકાસ, તથા સંયમ, તથા સર્વ સ્થૂળ ક્રિયાઓનું માનસિક સંતુલન. એજ કર્મયોગ આચરવાનું પ્રથમ પગથિયું છે. કર્મયોગનો સૌથી શ્રેષ્ઠ ઉપદેશ તો ભગવાન શ્રીકૃષ્ણે ગીતાજીમાં અર્જુનને આપેલો છે. સ્વામી શિવાનંદજીના શબ્દોમાં—"માનવજીવન અને તેના પ્રયાસોનું લક્ષ્યબિંદુ પરમાત્મા સાથેનો મિલાપ છે. આજ આપણા અસ્તિત્વનો અંતિમ વિકાસ હોવો જોઈએ. યોગથી દરેક પ્રકારનાં દુઃખ, કષ્ટ અને કલેશ દૂર કરી શકાય છે. યોગ આપણને મનની બાહ્ય વૃત્તિઓને પાછી વાળવાનું અને આનંદમય શુદ્ધાવસ્થા પ્રાપ્ત કરવાનું શીખવે છે" આમ કર્મવિહિન માનવજીવન શક્ય જ ના હોય તો આપણાં રોજીંદા જીવનમાંથી કષ્ટ, કલેશ દૂર કરી, એમાં અધિક આનંદ, અધિક સુખ, અધિક પ્રગતિ શી રીતે સાધવી ? એ માટે આવશ્યકતા છે કર્મયોગની. કર્મના સંપૂર્ણ ત્યાગને કર્મસંન્યાસ કહેવાય. પણ એ સામાન્ય માનવજીવનમાં શક્ય નથી એટલે માનવીએ કર્મ કરતાં છતાં સાંસારિક કષ્ટ કે કલેશ દૂર કરવા માટે કર્મયોગને જ જીવનમાં સ્થાન આપવું જોઈએ. અને એ કર્મયોગ એટલે કર્મફળ પ્રત્યે ઉદાસીનતા. માનવીને કર્મના પરિણામની સફળતા કે નિષ્ફળતાથી હર્ષ કે શોક તો ઉદ્દભવે જ, પરંતુ એકાગ્રતાથી કે શુભ નિષ્ઠાપૂર્વક કર્મ કરવા છતાં કર્તાએ એના પરિણામે

ઉદ્દભવતા હર્ષ કે શોકથી મુક્ત રહેવું જોઇએ, અને તો જ કર્મના પરિણામ રૂપ દુઃખ અને ક્લેશ જીવનમાંથી દૂર કરી શકાય. આમ ટુંકમાં કર્મયોગ એટલે જે કોઈ કાર્ય કરો તે વિવેકબુદ્ધિ, એકાગ્રતા અને એકનિષ્ઠાથી કરો, પરંતુ તેના ફળમાં—પરિણામમાં મમત્વ ના રાખો. આ કર્મ પ્રત્યેની આધ્યાત્મિક દૃષ્ટિ. ગીતાના શબ્દોમાં " कर्मण्ये वाधिकारस्ते, मा कलेषु कदाचन। – " તારો અધિકાર કર્મનો છે, ફળનો નહિ. "

આ પ્રકારની એમની વિચારધારામાં આપણને ગીતાના નિષ્કામ કર્મનો બોધ લાગશે, પરંતુ એનો અર્થ વાસ્તવિક જીવનનો અનાદર નથી. સાંસારિક જીવન કે વિજ્ઞાનના વિકાસ તરફ આંખ મીંચીને બેસવાનું નથી. આજના યુગમાં માત્ર આધ્યાત્મિક દૃષ્ટિ કે ભૌતિક જીવન તરફ આંખ મિચામણાં એ વ્યક્તિ કે સમાજ કે રાષ્ટ્રને માટે આત્મઘાતક નીવડે, પરંતુ સાથે સાથે એ ભૌતિક પ્રગતિમાં નૈતિક માનવમૂલ્યોનો વિનાશ ના થવો જોઇએ. સ્વામીજીના શબ્દોમાં:-

" આજ માનવજાતિને માટે એ આવશ્યક છે કે એ ભૌતિક અને ધાર્મિક મૂલ્યો ગ્રહણ કરવામાં વિવેકબુદ્ધિ વાપરે. માણસની ભૌતિક વસ્તુઓની ઇચ્છાઓ એના નૈતિક બંધારણની વિરૂદ્ધ ના હોય અને ધાર્મિક મૂલ્યોથી એની ભૌતિક સ્થિતિને આઘાત ના પહોંચે. "

આમ ભૌતિક અને નૈતિક મૂલ્યોના સમન્વયની જીવનમાં આવશ્યકતા સ્વામીજી માત્ર સ્વીકારે છે એટલું જ નહિ પરંતુ એને યોગ્ય મહત્ત્વ પણ આપે છે. માનવજીવનમાં નૈતિક અને ભૌતિક મૂલ્યો પરસ્પરાવલંબી છે. કારણ કે ફક્ત આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોની સાધના વ્યક્તિને સંસારથી વિમુખ બનાવે, અને માત્ર ભૌતિક સમૃદ્ધિની



પાછળની આંધળી દોટ માણસને બુદ્ધિશાળી પશુ બનાવે. પશ્ચિમના દેશોમાં ભૌતિક પ્રગતિ પછી પણ માનવીને જીવનમાં શાંતિ નથી મળતી અને એ માટે એ ભારત તરફ નજર નાંખે છે એ એનો જીવંત દાખલો છે, તો ભૌતિક પ્રગતિ વિના ભારતની જનતાને વેઠવી પડતી હાડમારીઓ આપણી સમક્ષ જ છે. ભારતના સમાજ તથા રાજકારણમાંથી થતો નૈતિક મૂલ્યોનો લોપ ભારતની પ્રજાને અવનતિને માર્ગે દોરે છે એ પણ સુવિદિત છે. આ વાસ્તવિકતાના દર્શન પછી સ્વામીજીએ સ્થાપેલા દિવ્યજીવન સંઘનો હેતુ માત્ર આધ્યાત્મિક જ્ઞાન કે સાધના જ નથી પરંતુ સમાજમાં નૈતિક મૂલ્યોના પ્રચાર સાથે સાથે જ સમાજકલ્યાણની પ્રવૃત્તિઓ વિકસાવવાનો છે, અને એ કાર્ય એમણે એમના જીવનના નિર્વાણકાળ સુધી એટલે કે ૧૪મી જુલાઇ ૧૯૬૩ સુધી અંગત દેખરેખ નીચે ચાલુ રાખ્યું. અને એ માટે દિવ્યજીવન સંઘ જેવી સંસ્થાનો સદ્ધર પાયો નાખ્યો. હાલમાં એમના ઉત્તરાધિકારી તરીકે દિવ્યજીવન સંઘના પ્રમુખ-સ્વામી શ્રી ચિદાનંદજીના નેતૃત્વ નીચે આ પ્રવૃત્તિઓ ચાલે છે. ગુજરાતમાં પણ સ્વામી શિવાનંદજીનું શિષ્યવૃંદ-ભક્તગણ–વિશાળ છે, અને દિવ્યજીવન સંઘની ઘણી શાખાઓ ગુજરાતમાં છે તેમાં રાજકોટ, અમદાવાદ, વડોદરા વગેરે મુખ્ય છે. એમના શિષ્યવૃંદમાં સક્રિય ગુજરાતના સપૂતોમાં બે નામ ધ્યાન ખેંચે એવાં છે. ડો. શિવાનંદ અધ્વર્યુ–એ ચક્ષુરોગ નિષ્ણાત છે અને આજ વર્ષોથી ભારતમાં જુદાં જુદાં સ્થળોએ એ અવારનવાર નિઃશુલ્ક નેત્રયજ્ઞની શિબિરો ચલાવે છે. આજ ૭૫ વર્ષની વયે પણ યુવાનને શરમાવે એવી ધગશ અને નિષ્ઠાથી ડો. અધ્વર્યુ સ્વામીજીના આદેશાનુસાર સમાજકલ્યાણની આ પ્રવૃત્તિથી

હજારો નેત્રહીનોને નવી દૃષ્ટિ આપે છે. બીજા છે સ્વામી અધ્યાત્માનંદજી-(પૂર્વાશ્રમમાં સૌરાષ્ટ્રના નાગર) એમણે સંન્યાસ લઈને દિવ્યજીવન સંઘની સેવામાં જીવન સમર્પિત કર્યું છે, અને સંઘની યોગ-વેદાન્ત ફોરેસ્ટ એકેડેમીની પ્રવૃત્તિના પ્રાણ સમા છે. હઠયોગનાં આસનો, ધ્યાન, વગેરેના પ્રચારદ્વારા ભારતમાં જુદાં જુદાં સ્થળોએ આ માટે માર્ગદર્શન આપતા વર્ગો ચલાવી વ્યક્તિના જીવનમાં શારીરિક સ્ફુર્તિ અને માનસિક ચેતનાને જગાડવાનું પુણ્ય-કાર્ય કરે છે. બીજા પણ ઘણા નામી-અનામી શિષ્યો અને ભક્તો ગુજરાતમાં વિવિધ શહેરોમાં સત્સંગ, સાધના, અને સમાજકલ્યાણનાં કાર્યો કરે છે. માનવસ્વાસ્થ્યની રક્ષા માટે આયુર્વેદ પણ ભારતીય સંસ્કૃતિની અમૂલ્ય દેણ છે, અને એમાં સંશોધન-શુદ્ધિકરણને ઘણો અવકાશ છે. ઋષિકેશ ખાતે શિવાનંદ ફાર્મસી આયુર્વેદિક વનસ્પતિઓના આ ક્ષેત્રમાં કાર્ય કરી માનતાને શુદ્ધ અને અસરકારક આયુર્વેદિક ઔષધો બનાવીને પહોંચાડે છે. આ સર્વ પ્રવૃત્તિઓમાં સહાયભૂત થવા માટે સંઘનું પોતાનું પ્રકાશન ગૃહ અને મુદ્રણાલય ઋષિકેશ ખાતે છે, અને તેમાંથી સ્વામીજીનાં તથા સંઘના આદેશોને અનુકૂળ અન્ય સ્વામીઓનાં પ્રકાશનો તથા સભ્યો માટે પહેલાંનું Divine Life અને હવે 'Wisdom Light' નામની માસિક પત્રિકાદ્વારા સંઘના સભ્યોને સુંદર લેખો તથા માર્ગદર્શન દ્વારા સભ્યો સાથે સંપર્ક રાખવામાં આવે છે.

સ્વામીજીએ જે પ્રવૃત્તિઓનો પાયો નાખ્યો છે તદનુસાર સંઘે શતાબ્દિ નિમિત્તે સર્વ શાખાઓને નીચેની યોજનાઓ સૂચવી છેઃ-

(૧) નિર્ધન વ્યક્તિઓ માટે વિનામૂલ્ય ઔષધાલયો-



સેવાઓનો વિસ્તાર.

(૨) સાંસ્કૃતિક પુનરૂત્થાન, નૈતિક પૂનર્જીવન, તથા આધ્યાત્મિક જાગૃતિ માટે આધ્યાત્મિક જ્ઞાનનો પ્રચાર તથા.

(૩) નિર્ધન વિદ્યાર્થીઓ તથા કુદરતી આફતોથી પિડીત વ્યક્તિઓને સહાયતા.

અંતમાં આ વિભૂતિના સાહિત્યમાંથી જે સંદેશ આપણને મળે છે તેનો સાર.

ભલા બનો, ભલું કરો
સરળ બનો, સેવા કરો
પ્રેમાળ બનો, ઉદાર બનો, દયાળુ બનો
જીવનમાં આ સર્વ તમને પવિત્ર બનાવશે,
સંસારની વિષમતાઓ વચ્ચે તમને અચળ રાખશે,
તમારી વિચારશુદ્ધિ અને વ્યવહારશુદ્ધિ કરશે,
અંતે તમે ઈશ્વરત્વને પામશો,
તમને આત્મસાક્ષાત્કાર થશે.

આ પુનિત વિભૂતિને જન્મશતાબ્દિ પ્રસંગે કોટી કોટી વંદન !

(જન્મશતાબ્દિ સાહિત્યને આધારે)

જેણે ઈશ્વરને માટે ફકીરી લીધી ને ઈશ્વરને સર્વ સમર્પણ કર્યું તે ગમે ત્યાં રહે ને ગમે ત્યાં ફરે, ઈશ્વર તેની રક્ષા નિરંતર કર્યા કરે છે ને તેને સદાયે સલામત ને સુખી રાખે છે. તેણે કોઈથી ડરવાનું કારણ નથી. ઈશ્વરના અનુરાગથી રંગાઈને તે ઈશ્વર સાથે અનુસંધાન સાધે કે સંબંધ બાંધી લે એટલું પૂરતું છે. આગળની બધી બાજી ઈશ્વર પોતે જ સંભાળી લેશે.

# मूकं करोति वाचालम् ।

વિજય પંડિત

પૂ. શ્રીમા સર્વેશ્વરી રચિત ‘ દક્ષિણ આફ્રિકાનો પુણ્ય પ્રવાસ ’ એ પુસ્તકમાં કોઇ જગ્યાએ ઉલ્લેખ કરેલો છે કે પ. પૂ. શ્રી પ્રભુ એ અંગ્રેજીમાં સુંદર પ્રવચન આપ્યું ત્યારે એક સાધકે પ્રભુની સમક્ષ પ્રશંસાત્મક ઉદ્દગારો કાઢ્યા. પ્રભુએ ત્યારે કહ્યું, मूकं करोति वाचालम् । પરમાત્માની કૃપાથી જે મુંગો હોય તે પણ બોલતો થઇ જાય છે. એનો જો વિશાળ રીતે અર્થ કરીએ જે અનભિજ્ઞ ને અજ્ઞાની છે, નિરક્ષર છે તેને પણ જો પ્રભુ પોતાના કાર્ય માટે નિમિત્ત બનાવવા માંગે તો જગદંબા પોતાની દિવ્યશક્તિથી બોલાવી શકે. મારી બાબતમાં પણ એમજ બન્યું. “ આપણે તો બોલતા જ નથી, મા જ બોલે છે. ” મહારાષ્ટ્રના મહાન સંત જ્ઞાનેશ્વર મહારાજે પાડાના મુખમાંથી વેદોના મંત્રોચ્ચાર કરાવ્યા. બાલભકત ધ્રુવને ભગવાનનાં દર્શન થયાં તો ભાવના અતિરેકને કારણે કાંઈજ ન બોલી શકયા. તેથી ભગવાન નારાયણે તેમના ઓઠ પર શંખનો સ્પર્શ કર્યો ને ત્યારપછી તેઓ પ્રભુની સ્તુતિ બોલી શકયા.

મારા જીવનમાં પણ એક એવો પ્રસંગ હમણાં બન્યો. મારો સંસ્કૃત મહાવિદ્યાલયમાં અભ્યાસ ચાલુ છે. તેમાં વાર્ષિક દિન નિમિત્તે વિભિન્ન પ્રોગામ રાખેલો તે શિક્ષકો ને વિદ્યાર્થીઓએ સાથે મળીને ઉજવવાનો હતો. તેમાં તેઓએ યુનિવર્સિટિના સંસ્કૃત વિભાગના પ્રતિષ્ઠિત પુરુષો ને આમંત્રણ આપેલું. અભ્યાસ સિવાયની બીજી અન્યપ્રવૃત્તિઓથી હું સદા અલિપ્તજ રહેતો. મારા સ્વભાવને જાણવા છતાં



આ વખતે અમારા આચાર્યશ્રીએ મને બોલાવીને કહ્યું, “ આ ઉત્સવમાં તમારે વિદ્યાર્થીઓ તરફથી સંસ્કૃતમાં જ બોલવાનું છે. મે વિનંતિ કરતાં કહ્યું, ” જુઓ સાહેબ તમે મને જાહેર પ્રવૃત્તિઓમાં ન લાવો તો સારું.” તેમણે અધવચ્ચેજ મને બોલતો અટકાવી કહ્યું, “ આ વખતે તમારી કોઇ વાત હું નહીં સાંભળું તમારે તો બોલવું જ પડશે. ” મેં છેલ્લો પ્રયત્ન કરતાં કહ્યું, “ પણ મને સંસ્કૃતમાં બોલતાં જ કયાં આવડે છે ? એટલે હું નહી બોલું. તેમણે કહ્યું, “ ના આવડે તો વાંચીને પણ બોલજો, પણ તમારે તો બોલવું જ પડશે. ”

તેમના પ્રેમાગ્રહને મેં મૂક સંમતિ આપી.

દિવસ માત્ર બેજ વચ્ચે હતા. ઘરે આવીને તરત જ મેં પ. પૂ. શ્રી મા પ્રભુની સામે ઊભા રહી અંતરથી પ્રાર્થના કરતાં કહ્યું, “હે મા પ્રભુ ! તમે મને કયાં ઉપાધિમાં નાખો છો ? મને સંસ્કૃતમાં તો બોલતાં આવડતું નથી ને જાહેરમાં, વિદ્વાનો સમક્ષ મારે બોલવાનું ! હું તો જ્યોતિષશાખાનો વિદ્યાર્થીને વ્યાકરણને સાહિત્યના વિદ્યાર્થીઓ આગળ મારું શું ગજુ ! તમે મને લપેટમાં લીધો છે તો તમારે જ બોલવાનું છે હું કાંઇ જ ન જાણું, ઇજ્જત જશે તો તમારી, મારે શું ?”

અને ખરેખર, હું સાવ નિશ્ચિંત બની ગયો. મેં કોઇજ તૈયારી કે ચિંતા પણ ના કરી. બે દિવસ પછી પ્રોગ્રામ સમયસર શરૂ થયો. ચારે વેદોના વિદ્યાર્થીઓએ વારાફરતી વેદગાન કર્યું. મહેમાનો, શિક્ષકોને વિદ્યાર્થીઓથી ખંડ ભરાઇ ગયો હતો. નિર્ધારિત યોજના મુજબ કાર્યક્રમ ચાલતો હતો.

વિદ્યાર્થીઓ હવે પોતાના વિચારભાવ રજુ કરશે. એમાં પ્રથમ જ નામ મારું બોલાયું. એટલે હું યંત્રવત્ ઉભો થયો ને સૌને પ્રણામ કર્યા. મારો પરિચય અપાયો તે દરમ્યાન 'યસ્ય સ્મરણ માત્રેણ જ્ઞાન ઉત્પદ્યતે સ્વયમ્' એવા મા પ્રભુને શ્રીચરણે અંતરતમથી મેં પ્રાર્થના કરી. તેમને જ બોલવાની અરજ કરી, ને ખરેખર, મારા તથા સર્વે અધ્યાપકોના આશ્ચર્ય વચ્ચે મારાથી સંસ્કૃતમાં જ બોલવાનું શરૂ થયું. સર્વેની સાથે હું પણ તેનું શ્રવણ કરતો હતો. તેમાં સંસ્કૃત ભાષાનું મહત્ત્વ ને ગૌરવની વાતો સંકળાયેલી હતી. સંસ્કૃત ભાષા ઘણી અઘરી છે—એવી માન્યતા પ્રચલિત છે, પણ ખરેખર એવું નથી. તે ખરેખર સુંદર ને સરલ ભાષા છે. તે દેવ ભાષા છે. આપણા સર્વે શાસ્ત્રો ને દર્શનો, વેદો, ઉપનિષદો ટૂંકમાં આપણી સંસ્કૃતિ આ સંસ્કૃત ભાષામાં જ વિદ્યમાન છે. તે સર્વે ભાષાઓની જનની છે. આપણા ભારતવર્ષનું સમગ્ર સંસ્કૃતિનું સમ્યક્ દર્શન કરવા માટે ને મનને સંશયરહિત કરવા આપણાં શાસ્ત્રોને અને સંસ્કૃત ભાષાને જાણવી જરૂરી બને છે. તેમાં વ્યાકરણનો પણ ભય રાખવાની જરૂર નથી, આપણો સઘળો વ્યવહાર ગુર્જરભાષામાં જ ચાલે છે તો આપણે શું ગુજરાતી વ્યાકરણનો અભ્યાસ કરેલો છે? એ તો પરસ્પરના વાક્ વિનિયોગથી શ્રવણ ને અભ્યાસથી તે વારસામાં મળેલો છે. આપણે વ્યાકરણશાસ્ત્રનો અનાદર નથી કરતા. તેના વગર તો સ્પષ્ટાર્થ શક્ય જ નથી. તે તો તેનું સુંદરત્વ જ છે. પણ એકવાર જીજ્ઞાસુઓને આકર્ષવા, તેમાં રસ ને આનંદ ઉત્પન્ન કરવા, તેમને સરલ રીતે સમજવા, બોલવા ને ઉત્સાહ આપવાની જરૂર છે. પોંડેચેરીમાં એક ગામ છે જ્યાં હજુપણ સંસ્કૃતમાં જ સઘળો વ્યવહાર ચાલે છે.



આવી ઘણીઘણી વાતો થઇ મારા આ સાહસથી સૌને પરમ આશ્ચર્ય થયું ને નવાઈ લાગી કે કોઇપણ ગ્રંથ કે લેખન વાંચનના આધાર વિના સહજ-સરલ-સુંદરને દૃષ્ટાંત સભર આવું વક્તવ્ય આપ્યું. લગભગ અડધો કલાક સુધી એ વક્તવ્ય ચાલ્યું ને તેની પૂર્ણાહુતિએ નાનામોટા સૌએ તાળીઓના ગડગડાટ સાથે મને વધાવી લીધો. ત્યારપછીના આખા કાર્યક્રમમાં દરેક પધારેલ મહેમાન આચાર્ય સહિત આભાર દર્શકે પણ મારી પ્રશંસા કરી, પણ તે મને સ્હેજ પણ ન સ્પર્શી શકી, કારણ હું પોતે જાણતો હતો કે મારી અંદરથી પ. પૂ. શ્રી મા પ્રભુ જ બોલતા હતાં.

ઘેર આવીને મેં વારંવાર દંડવત્ પ્રણામ કર્યા ને પ્રભુનો આભાર માન્યો કે તમે ખરેખર આજે મૂગાંને બોલતો કર્યો. પ્રભુ આપની શક્તિ શું ન કરી શકે?

વિચાર કરી જોશો તો સમજાશે કે ઉછરતી યુવાનીમાં માણસ ધારે તે કામ કરી શકે છે. તે વખતે તેની શકિત તાજી ને પ્રબળ હોય છે. મન પણ ઉત્સાહ અને અવનવી આકાંક્ષાથી ભરેલું હોય છે. તેને જે વસ્તુમાં લગાડવામાં આવે તેમાં સહેલાઇથી રસપૂર્વક લાગી જાય છે. વધારે ભાગના લોકો તે વખતે સંસારના સુખની કામનાથી પ્રભુની પ્રાપ્તિના કામને ભૂલી જાય છે. તેમની વધારે ભાગની શકિત સંસારમાં જ વેડફાઇ જાય છે.

## વિભુની યાદ

રૂપાળી ચાંદની રાતો વિભુની યાદ આપે છે,
સૂરજ, તારા, પહાડો–સહુ વિભુની યાદ આપે છે.

સરોવર, ફૂલડાં સુંદર, સમંદર, આભ, ધરતી આ,
મજાનાં દોડતાં ઝરણાં વિભુની યાદ આપે છે.

સરસ રંગો છવાયે જ્યાં ઉષાસંધ્યા ને વર્ષામાં,
શીતળ ઝરમરતી જળધારા વિભુની યાદ આપે છે.

તરુઓ, લીલી હરિયાળી, સરસ વનરાજિ ને સરિતા,
મનોહર પંખીનાદો તો વિભુની યાદ આપે છે.

પવન મીઠો અહીં વાયે, પ્રકૃતિ પ્રીત જ્યાં પાયે,
પ્રકાશિત આ ધરા જાણે વિભુની યાદ આપે છે.

જુઓ આ સંતના મેળા, શિશુઓ સ્વર્ગના ચહેરા,
જીવનના મર્મીઓ સાચા વિભુની યાદ આપે છે.

અખંડ આનંદ જીવન છે, પ્રભુનો એ ફુવારો છે,
શીતળ સુખ શાંતિદાયક એ વિભુની યાદ આપે છે.

ડો. મધુરમ્



# અમેરિકામાં સત્ય સાંઇબાબાનું સ્થાન

ઈશ્વરભાઈ ભક્ત

શ્રી સત્ય સાંઇબાબા અમેરિકા આવ્યા નથી. છતાં પણ તેમનો પ્રભાવ અમેરિકામાં વ્યાપક પ્રમાણમાં પથરાતો જાય છે એ તેમની મહાનતાની નિશાની ગણાય. અમેરિકાનો બુદ્ધિજીવી વર્ગ તો ખૂબ પ્રભાવિત થયો છે. ડો. જહોન હિસ્લોપ તો ઈ. સ. ૧૯૬૮ થી બાબા સાથે જોડાયેલા છે. પ્રથમ દર્શને જ પ્રભાવિત થઇને તેઓ લખે છે કે an his presence, doubt is like very shallow water in the burning sun in notime at all it disappeears–અર્થાત્ સૂર્યના તાપમાં ઝાકળ જેમ સત્વરે અદશ્ય થઇ જાય છે તેમ સાંઇબાબાની હાજરીમાં મારી શંકાઓ સત્વરે નિર્મૂલ થઇ ગઈ.

એવી જ રીતે મેડિકલ લાઇનના ખૂબ અનુભવી ડો. સેન્ડવીસ પ્રભાવિત થઇ જાય છે. વિદ્યાર્થી કાળથી જ તેમને માનસશાસ્ત્રમાં કાંઇક સંશોધન કરવાની મહાત્ત્વાકાંક્ષા હતી. ખૂબ ધન ને યશ કમાયા પછી મેડિકલ લાઇન છોડીને તેમણે સંશોધનમાં ઝંપલાવ્યું. તેમનો પ્રિય વિષય પેરા સાઇકોલોજી –એટલે મનથી પરના અનુભવોને સમજાવતું માનસશાસ્ત્ર.

ડો. સેન્ડવીસે સત્ય સાંઇબાબાનું નામ સાંભળ્યું ને તરત જ ભારતયાત્રાનું આયોજન કર્યું. તેઓ બાબા પાસે પ્રથમ આવ્યા ત્યારે તો છૂપી રીતે આવ્યા હતા. સંશોધનનો તેમનો હેતુ હતો. તેણે દૂર રહીને બાબાને કોણ કોણ મળવા આવે છે, પાસે આવે ત્યારે તેઓ શું કરે છે, તેઓ વચ્ચે કેવી લેવડ દેવડ થાય છે વિગેરે નિહાળ્યા કરે છે. પરંતુ

થોડા જ દિવસમાં તેમને પણ અલૌકિક અનુભવ થવા માંડે છે. તેમની અંદર કાંઇક સૂક્ષ્મ ફેરફારો થઈ રહ્યા છે એવું તેમને લાગવા માંડે છે. છેવટે તે અનુભવો તેમને બાબા પાસે ખેંચી જાય છે અને આખરે પ્રભાવિત થઇને તેઓ બાબાને શરણે બેસી જાય છે. છતાં તેમણે પોતાનું સંશોધનનું કાર્ય તો ચાલુ જ રાખ્યું છે.

આ વર્ષે જાન્યુ. ની ૨૫મી તારીખે મને સાન્ફ્રાન્સિસ્કોમાં સત્ય સાંઇબાબાના કેન્દ્રમાં હાજરી આપવાની તક મળી. પચાસ સાંઠની સંખ્યામાં અમેરિકનો અહીં અઠવાડિયામાં બે વાર ભેગા થાય છે. ગુરુવારે ને રવિવારે સાંજે ૭ાા થી ૯ સુધી કેન્દ્ર ચાલે છે. મેં પણ બંને વાર લાભ લીધો હતો. પ્રારંભમાં સંગીતમય મધુર પ્રાર્થના કરવામાં આવે છે. વાતાવરણનું સુંદર સર્જન થાય છે. ભગવાનના એકસો આઠ નામોનું ગાન સ્પષ્ટ ઉચ્ચારોમાં થતું હોવાથી ખૂબ કર્ણપ્રિય લાગે છે. લગભગ પોણા કલાક સુધી મધુર કીર્તન થયા પછી આરતી કરવામાં આવે છે. સામે સત્ય સાંઇબાબાનો મોટો ફોટો અને ભગવા રંગનો ઝભ્ભો રાખ્યો હતો. આરતી પછી વિભૂતિનો (રાખનો) પ્રસાદ આપવામાં આવે છે. ત્યાર પછી બરાબર દસ પંદર મિનિટ ધ્યાન કરવામાં આવે છે. ધ્યાન પછી બાબાના સંદેશા પર ચર્ચા વિચારણા થાય છે.

મને તો ખૂબ ગમ્યું. અમેરિકનોની નિષ્ઠા માટે માન પણ પેદા થયું. મારું માથું નમી ગયું. વીસમી સદીને આરે આવીને ઊભેલા બુદ્ધિજીવીઓ કેટલી બધી શ્રદ્ધાથી સાંઇબાબાએ શીખવેલી રીતોનું અનુષ્ઠાન કરે છે તે જોઇને આનંદ ને આશ્ચર્ય બંને થયા. આપણે ભારતીઓ તો



અમેરિકામાં શું કરીએ છીએ? ભારતીય ધર્મ ને સંસ્કૃતિની છાપ બગાડવામાં ભારતીય લોકોનો સમય મહદંશે વ્યતીત થાય છે તે એની સરખામણીમાં કેટલો બધો ક્ષુલ્લક લાગે છે!

સભા પૂર્ણ થયા પછી મેં ત્યાંથી થોડું સાહિત્ય ખરીદ્યું. મેં સંચાલકોને પૂછ્યું કે તમને સાંઇબાબાનો કયો સંદેશો ખૂબ ગમે છે? ત્યારે તેમણે મને છાપેલું નાનું પેમ્ફલેટ આપી દીધું. તેમાં મુખ્ય ત્રણ સંદેશાઓ છાપવામાં આવ્યા છે. તેમાંથી પ્રથમ સંદેશો આ પ્રમાણેનો હતો.

There is only one God–He is Omnipresent.
,, ,, ,, ,, religion–The religion of love.
,, ,, ,, ,, Caste–The caste of humanity.
,, ,, ,, ,, language–The language of heart.
,, ,, ,, ,, law–The law of duty.

આ સંદેશાઓ વાંચતા સ્પષ્ટ જણાઇ આવે છે કે શ્રી સત્યસાંઇબાબાએ અમેરિકામાં ધર્મના વ્યાપક સ્વરૂપને જ ફેલાવવા પ્રયત્ન કર્યો છે. માણસ માણસ વચ્ચેનું અંતર ઘટાડવા માટે એ પ્રકાશનું તત્ત્વજ્ઞાન જગતમાં ઉપયોગી છે. સંકુચિત સાંપ્રદાયિકતા તથા વિભિન્ન જાતિભેદોને ઓગાળી નાખીને મનુષ્ય ધારે તો વિશ્વધર્મની સ્થાપના કરી શકે છે અને સમગ્ર જગતમાં સ્વર્ગનું સામ્રાજ્ય સરજી શકે છે. બાબાના આ સંદેશાઓ પણ તેમની મહાનતાના જ દ્યોતક ગણાય.

ભારતમાં તો બુદ્ધિજીવીઓએ બાબાની ભારોભાર અવગણના જ કરી છે. વિજ્ઞાનને નામે વિરોધનો વંટોળિયો પેદા કરીને સામાન્ય જનમાનસને બાબાથી વંચિત રાખવા

પ્રયત્ન કર્યો છે. તેઓ પૂરવાર કરવા માંગે છે કે ચમત્કાર બતાવીને તેઓ ભોળી જનતાને ગેરમાર્ગે દોરે છે. વહેમ તથા અજ્ઞાનને તેઓ પોષણ આપી રહ્યા છે. તેઓ જાદુગરી જાણતા હોય તે રીતે ચમત્કારો બતાવે છે. બુદ્ધિજીવીઓનો આ વર્ગ તેમને સંત કે મહાપુરુષ માનવા માટે તૈયાર નથી. કવિવર રવીન્દ્રનાથ ટાગોરની દશા નોબેલ પ્રાઇઝ મળ્યા પહેલા જેવી હતી તેવી સત્ય સાંઇબાબાની બુદ્ધિશાળી વર્ગે કરી છે. પ્રથમ કક્ષાના અગ્રગણ્ય વિવેચકોએ તો ટાગોરની કવિતાને અકવિતા કહીને ભાંડી હતી. નોબેલ પ્રાઇઝ મળ્યા પછી આ જ વિવેચકો માનપત્ર આપવા માટે એકત્રિત થયા હતા. ઇંગ્લાન્ડ કે અમેરિકા સિક્કો મારીને પાસ કરે તો જ આપણા આવા બુદ્ધિજીવીઓ માન આપે છે. બ્રિટિશરો ગયાને અરધી સદી થવા આવી છતાં આપણી મનોદશામાં ખાસ કાંઈ ફેરફાર થયો નથી. એ તો સારું થયું છે કે આપણા દેશના અણુવિજ્ઞાની ડો. ભગવન્તમ્ તથા વયોવૃદ્ધ ઇતિહાસજ્ઞ એન. કસ્તુરી સાંઇબાબાની ભાગવતી શક્તિને ઓળખી શકયા છે ને તે કારણે આમ જનતાને થોડું પણ માર્ગદર્શન મળી રહ્યું છે.

અમેરિકામાં નહિ તોયે પચાસ હજાર અમેરિકનો સત્ય સાંઇબાબાને ભક્તિભાવપૂર્વક માને છે. લગભગ તમામ મોટા શહેરોમાં સત્યસાંઈ કેન્દ્રો ચાલે છે. સાન્ફ્રાન્સિસ્કો, લોસ એન્જલીસ, સાનડિયેગો, ન્યુયોર્ક, ન્યુજર્સી, સેન્ટ લૂઇઝ, ચીકાગો, ડલ્લાસ વગેરે શહેરોમાં કેન્દ્રો વિધવિધ પ્રવૃત્તિઓ પણ કરે છે. ઉનાળામાં જુદી જુદી જગ્યાએ કેમ્પ પણ ગોઠવવામાં આવે છે. જુદા જુદા કેન્દ્રોમાંથી ત્યાં અનેક લોકો ભેગા થાય છે ને વિચારોની આપલે કરે છે. બાળકોને લક્ષમાં રાખીને બાળકેળવણીનું આયોજન પણ કરે છે.



અમેરિકામાં લગભગ બે કરોડ લોકો ઘરવિહોણા રહે છે. તેમને મદદ પહોંચાડવા માટે પણ કેન્દ્રો પ્રવૃત્તિ કરે છે.

દરેક કેન્દ્રોમાં ધ્યાન અને ભજન બહુ જ શિસ્તબદ્ધ રીતે કરવામાં આવે છે. ભારતીય સંગીતના શાસ્ત્રીય ઢબના રાગોમાં તે ભજનો સાંભળીને તો કોઈ પણ વ્યક્તિનું હૃદય નાચી ઊઠ્યા વિના રહે નહિ. અમેરિકામાં કોઈ પણ વ્યકિત આ કેન્દ્રોના સભ્ય થઇ શકે છે. સભ્ય ફી પણ રાખવામાં આવી નથી. તેમજ કોઇપણ પ્રકારના ધન ઉઘરાવવાના કાર્ય પણ કરવામાં આવતા નથી. સહજ રીતે જે કાંઈ મળે તે દ્વારા વિધવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. બધાં જ કેન્દ્રો એક સંસ્થા સાથે સંલગ્ન રહે છે; તેનું નામ છે—સત્ય સાંઇબાબા કાઉન્સિલ ઓફ અમેરિકા. પુસ્તક પ્રકાશનની પ્રવૃત્તિ માટે શ્રી સત્ય સાંઇ બુક સેન્ટર પણ ચાલે છે. સત્ય સાંઇ અમેરિકન સર્વિસ ઓરગેનાઇઝેશન નામની સંસ્થા તો પત્રિકાઓ પણ છાપે છે ને બાબાના સંદેશાઓ લોકહૃદય સુધી પહોંચાડવા પ્રયત્ન કરે છે. આ રીતે અમેરિકામાં સત્ય સાંઇની પ્રવૃત્તિ પણ ખૂબ જોરદાર ચાલે છે અને તે દ્વારા માનવતા લક્ષી વિકાસનું આયોજન અને તેનો વ્યવસ્થિત પ્રચાર પણ આશ્ચર્ય પમાડે તે રીતે ચાલી રહ્યો છે.

ફરતો ફરતો કેન્સાસ સ્ટેટમાં ગયો તો ત્યાં પણ નાના સરખા ગામમાં સત્ય સાંઇ કેન્દ્રની પ્રવૃત્તિ નિહાળવાની તક મળી. કેન્દ્ર ચલાવનાર સિંધી ડોકટર દંપતિ છે. સેન્ટ જેઇમ્સ નામના ગામમાં તેઓ પોતાની સેવા આપી રહ્યાં છે. તે ડોકટરે ભજનોનો એક જાહેર કાર્યક્રમ રાખી આસ-પાસના ભારતીઓને આમંત્રણ આપ્યું હતું. તે દિવસે મારું પણ ત્યાં જવાનું બનેલું. ડોકટરની સત્યસાંઇ માટેની ભક્તિ

ખૂબ જ સમજ ભરેલી લાગી હતી. તે દિવસે ડોકટરે મારો પણ ઉપયોગ કરી લીધો હતો. તેમણે મને બીજે દિવસે શિવરાત્રી હોવાથી 'શિવરાત્રી' પર વીસ મિનિટ બોલવા વિનંતી કરી હતી. ભેગા થયેલા લોકોને શિવરાત્રીનો મહિમા મેં સમજાવવા પ્રયત્ન કર્યો હતો. મારા વિચારો સહુને ગમ્યા હતા એવું લાગતું હતું. આ ડોકટર દંપતિ છેલ્લા દોઢ બે વર્ષથી ભજનોનો કાર્યક્રમ રાખી સત્ય સાંઇબાબાનો પરિચય સહુને કરાવી રહ્યા છે તે જાણી ખૂબ જ આનંદ થયો હતો.

દુનિયાભરમાં શ્રી સત્ય સાંઇબાબાની પ્રેરણાથી અને માર્ગદર્શનથી અનેક સંસ્થાઓ ચાલે છે. બે મોટી ઇસ્પિતાલ ચાલે છે. તેમાં મફત સારવાર આપવામાં આવે છે. ૨૫૦ દવાખાનાઓ ચાલે છે ને તેમાં મફત દવાની સગવડ આપવામાં આવે છે. ૨૦ મોટી ટેકિનકલ શાળાઓ ચાલે છે, જેમાં વિદ્યાર્થીને સરળતાથી રોજગારી મળી રહે તેવું શિક્ષણ આપવામાં આવે છે. છ મોટી કોલેજો ચાલે છે અને બે હજાર જેટલાં શિક્ષણ કેન્દ્રો ચાલે છે જેમાં માનવતા લક્ષી શિક્ષણ પાયામાં આપવામાં આવે છે. દુનિયાની જુદી જુદી વીસ ભાષાઓમાં સો જેટલાં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં છે ને એ રીતે સત્ય સાંઇબાબાના સંદેશાઓ લોકો સુધી પહોંચાડવાનું કાર્ય ચાલે છે.

આવી મહાન વિભૂતિનો જન્મ ૨૩ મી નવેમ્બર ૧૯૨૬ ને દિને દક્ષિણ ભારતના આંધ્રપ્રદેશમાં પુટ્ટપરતી નામે નાના સરખા ગામમાં થયેલો. તેમણે ચૌદ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરેલો ને તે જ ગામના છેવાડે આવેલા ગણપતિના મંદિરમાં વાસ કરીને પોતાની પ્રવૃત્તિનો પ્રારંભ કરેલો. ઈ. સ. ૧૯૫૦ માં તે સ્થળે એક મોટા આશ્રમની સ્થાપના કરવામાં આવી હતી કે જેને આજે તો 'પ્રશાન્તિ નિલયમ્' કહેવામાં આવે છે. આ આશ્રમમાંથી સમસ્ત જગતમાં તેમણે પોતાનો પ્રભાવ પાથર્યો છે.



જ્યારે વિરોધનો વંટોળ ચાલતો હતો ત્યારે મેં સત્ય સાંઇબાબાનાં દર્શન કર્યાં હતાં. મને તેમની પ્રવૃત્તિ વિરોધ કરવા જેવી લાગી ન હતી. છતાં સદ્‌ગુરુ યોગેશ્વરજી સમક્ષ મેં તે વખતે સત્ય સાંઈ અંગે વાતો કરી હતી ને માર્ગદર્શન મેળવ્યું હતું. પૂજ્યશ્રીની કૃપાથી મને આવી મહાન વિભૂતિને સમજવાની સુવર્ણ તક પ્રાપ્ત થઇ હતી તે જણાવતા ગૌરવની લાગણી અનુભવું છું.

બંને વિશ્વવંદનીય મહાપુરુષોને હૃદયપૂર્વક વંદન કરીને લેખની સમાપ્તિ કરું છું.

—*—

મીરાં, નરસી, તુકારામ ને ચૈતન્ય મહાપ્રભુની જેમ જો તે કેવળ ઈશ્વરપ્રેમથી પ્રેરાઇને ઈશ્વરની પ્રસન્નતા માટે જ ભજન-કીર્તન કરશે તો તેનું જીવન ધન્ય થઇ શકશે. તે ઈશ્વરનું દર્શન પણ કરી શકશે. ને જો તેની ઇચ્છા હશે તો તેને ધન ને પ્રતિષ્ઠા તો આપોઆપ મળી રહેશે. પોતાને ભજનારની બધી રીતે રક્ષા કરવી ને તેના જીવનની જરૂરિયાતો પૂરી પાડવી એ તો ઈશ્વરનો સહજ સ્વભાવ છે, ધર્મ છે. તે માટે ઈશ્વરે પ્રતિજ્ઞા કરી છે.

# અછતનો સામનો કરવા માટે જરૂરી સહકાર અને લોકોનો પુરુષાર્થ

ગુજરાત રાજયના કેટલાક વિસ્તારો તો સતત ચોથા વર્ષે અછતની પરિસ્થિતિનો ભોગ બન્યા છે. રાજયના કુલ ૧૯માંથી ૧૭ જિલ્લાઓ ૧૮૪ તાલુકાઓમાંથી ૧૬૫ તાલુકાઓ અને કુલ ૧૮, ૧૧૪ ગામડાંઓમાંથી ૧૪,૮૨૯ ગામો અછતની ભીંસમાં સપડાયાં છે. ૨.૧૪ કરોડથી વધુ લોકો અછતના પડકારનો સામનો કરી રહ્યા છે. રાજયમાં અત્યારે ૯૨૭૨ રાહતકામો પર ૧૯.૦૨ લાખથી વધુ લોકો રોજી મેળવી રહ્યા છે. ૧ કરોડથી વધુ પશુધન અછતનો ભોગ બન્યું છે.

* મુખ્ય મંત્રીશ્રીના રાહત ફાળામાં ઉદાર હાથે ફાળો આપો *



( પૃષ્ઠ ૧૬ નું ચાલુ )

તરીકે મોકલવી છે ? બાપ ઉઠી દીકરીને આ રીતે લગ્ન કરાવવાં છે ? ઋષિ સમજી ગયા, દીકરીને જીતાય તેમ નથી. પછી તરત વંદન કર્યા અને કહ્યું કે અમો હિમાલય મેના પાસે જઈ લગ્ન મૂહુર્ત જોઈ આપીયે છીએ. તું ઘેર જજે, લગ્ન શંકર સાથે થશે.

મૂળ વાત ઉપર આવીયે. જોયું'ને શ્રદ્ધાની કસોટી. તેજ વિશ્વાસનો જન્મ. શ્રદ્ધાને કહેવું ન પડે કે વિશ્વાસ આવો. પણ જયારે શ્રદ્ધા કસોટીમાંથી પાર ઉતરે કે વિશ્વાસ હાજર.

તમારે પણ પ્રથમ "ઈશ્વર છે" આવી બુદ્ધિમાં આસ્થા કરવી. અત્યારે અહીં બેઠા છે તેમાંથી કોઇને નથી આસ્થા જ. પછી આગળની વાત શી ? પછી શ્રદ્ધા-વિશ્વાસ કયાંથી હોય ? સોની નોટમાં જેટલી આસ્થા છે, તેટલી આસ્થા "ઈશ્વર છે" તેમાં નથી. ઈશ્વર છે તે પ્રથમ આસ્થા કહો. પછી આ ઈશ્વરનો મહિમા જુઓ. સવારમાં જગાડે છે તે, સુવાડે છે તે, જમાડે છે તેના મહિમાનો કોઇ પારજ નથી. ચમત્કાર-ચમત્કારજ છે. કલ્પનામાં ન આવે તેવું બધું છે. આ મહિમા ઉપર સતત ચિંતન-મનન કરો તો શ્રદ્ધા જાગશે. પછી શ્રદ્ધાને કસોટીએ ચઢાવો. શું કસોટી ? (ક્રમશઃ)

## સમૃદ્ધ ભવિષ્ય એટલે
## ઇન્દિરા વિકાસપત્રો

* રૂા. ૨૦૦, રૂા. ૫૦૦, રૂા. ૧,૦૦૦ તથા રૂા. ૫૦૦૦ના વિકાસપત્રો પોસ્ટ ઓફિસમાંથી અડધી કિંમતે અનુક્રમે રૂા. ૧૦૦, રૂા. ૨૫૦ રૂા. ૫૦૦ તથા રૂા. ૨,૫૦૦માં મેળવો.
* ૫ ½ વર્ષે બમણાં! અર્થાત્ વર્ષે ૧૮% થી વધુ સાદું વ્યાજ.
* રોકડ રકમ/સ્થાનિક કલીયરન્સ થઇ શકે તેવા ચેક/પે ઓર્ડર/ડિમાન્ડ ડ્રાફટ/પોસ્ટ ઓફિસ સેવીંગ્સ બેન્ક એકાઉન્ટસના ચેકથી ઇન્દિરા વિકાસપત્ર ખરીદો.
* અરજીપત્રકની જરૂર જ નહીં.
* રોકાણની કોઈ મહત્તમ મર્યાદા નહીં.
* દર વર્ષે થતી આવક હિસાબી ચોપડામાં બતાવી શકાય છે.
* કોઇપણ ખરીદે, કોઇપણ વટાવે.
* ગ્રામજનો સંસ્થાઓ અને ટ્રસ્ટો માટે રોકાણની સોનેરી તક.

● રોકો ઇન્દિરા વિકાસપત્રોમાં નાણાં સાડા પાંચ વર્ષે બમણાં. ●

—સચિવ નાણાં વિભાગ ગુજરાત
-માહિતી




# સામાન્ય ઘટનાઓની અસામાન્યતા


પિનાકિન્ જાની.


ભારતની દિવ્ય વિભૂતિઓમાં જેમની ગણના થઇ શકે એવા સિદ્ધહસ્ત મહાપુરૂષ અને પરમ વંદનીય પૂજ્ય ગુરૂદેવની કૃપાથી પરમ તપસ્વીની પૂજ્ય મા સર્વેશ્વરીના સુરત ખાતેના કાર્યક્રમની સમાપ્તિ બાદ ભાવનગરના કાર્યક્રમ માટે સુરતથી ભાવનગર જતી વાયુદૂત વિમાની સેવામાં પૂજ્ય મા સાથે યાત્રા કરવાનું સદ્‌ભાગ્ય સાંપડયું. પૂજ્ય ગુરૂદેવની કૃપાથી અને પૂજ્ય માના તપોબળને કારણે પૂજ્ય મા ના વર્તાવમાં કેટલીક સાહજીક એવી ઘટનાઓ કે જે અસામાન્ય હતી. આપણી પાસે દૃષ્ટિ હોય તો આ ઘટનાઓમાં આ વિભુતિઓની દિવ્ય શકિતનાં દર્શન થઇ શકે. પૂજ્ય મામાં એવી શકિત-ઓનો પ્રાદુર્ભાવ થયેલો આપણને જોવા મળે છે કે, જે ઘટના બનવાની હોય તેની પૂજ્ય મા સાથે સાહજીક વાતચીતમાં આપણને એંધાણી મળી જાય.

આવો સૌ પ્રથમ અનુભવ સુરત ખાતેના એરોડ્રોમ પર થયો. સુરત ખાતે એરોડ્રોમ પર મુસાફરો માટે ખાસ કોઈ વિશેષ સગવડો નથી. આમ છતાં વિશેષ વ્યકિતઓ માટે એક રૂમની સગવડ છે, અલબત્ત તેનો લાભ આમ મુસાફરોને મળતો નથી. પૂજ્ય મા સાથે કેટલાક ભકતો વિદાય માટે એરોડ્રોમ ખાતે આવ્યા હતા. પૂજ્ય મા એરોડ્રોમ ખાતે મોટરમાં બેસીને ભકત સમુદાય સાથે વાતચીત કરતાં હતાં. શ્રી રાજેન્દ્રભાઇ અધ્વર્યુએ એરોડ્રોમ ખાતે વિશેષ વ્યકિતઓ માટેના રૂમમાં પૂજ્ય મા ભકત સમુદાય સાથે બેસી શકે તે માટે વિમાની મથકના અધિકારી જોડે તે રૂમ ખોલી આપવા

માટે વિનંતીપૂર્વક વાતચીત કરી. પરંતુ નિયમાનુસાર તે શક્ય નથી એમ તે અધિકારીએ જણાવ્યું. શ્રી રાજેન્દ્રભાઈએ આમ છતાં આગ્રહપૂર્વક વિનંતીઓ કરી જેનો જવાબ નકાર જ હતો. થોડો સમય વીત્યા પછી તે અધિકારીએ વિમાની સેવાનું સંચાલન કરતા કર્મચારીને બોલાવી કોઈ સંત આજે ભાવનગર જવાના છે કે કેમ તેની ચકાસણી કરી ત્યારે તેમને માલૂમ પડ્યું કે મા સર્વેશ્વરી ભાવનગર જવાના છે. તે અધિકારીએ શ્રી રાજેન્દ્રભાઈને સામેથી બોલાવી જણાવ્યું કે સુરક્ષા વ્યવસ્થામાં તકલીફ પડે તેમ હોઈ ફક્ત ચાર ૪ ભકતોને પૂજ્ય મા સાથે વી. આઈ. પી. લાઉન્જમાં બેસવાની સગવડ મળી શકે તેમ છે તેમ જણાવી વ્યવસ્થા કરી આપી. હાજર રહેલા સહુના મનમાં થયું કે થોડી ક્ષણો પહેલાં જે અધિકારી કોઈપણ જાતની મચક આપવા તૈયાર ન હતો તેનુ કેવું અદ્ભુત માનસ પરિવર્તન! પૂજ્ય શ્રીની દિવ્ય શક્તિ દ્વારા થયું. પૂજ્ય ગુરૂદેવ, પૂજ્ય માને કોઈપણ જાતની તકલીફો ન પડે તે માટે કેવી અદ્ભુત તકેદારી રાખે છે.

ભાવનગર ખાતેના પૂજ્ય માના રોકાણ દરમ્યાન પણ આવા અનુભવો જોવા મળ્યા. તારીખ ૨૦–૧–૮૮ના રોજ પ્રથમ પ્રવચન પત્યા બાદ પૂ. માએ સુરત ખાતેના સત્સંગી શ્રી દર્શનાબેનને ત્યાં ફોન કર્યો અને અનુકૂળતા હોય તો ભાવનગર આવવા જણાવ્યું અને ઉમેર્યું કે અમે આવતીકાલે સવારે કોઈકને એરોડ્રોમ પર લેવા મોકલશું. અમને મનમાં થયું કે ફક્ત ૧૮ જ સીટની વ્યવસ્થા ધરાવતા વિમાનમાં આટલી મોડી રાત્રે ટેલીફોન પર વાતચીત થયા પછી લગ્નસરાની આ મોસમમાં સુરતથી ભાવનગર આવવા માટેની ટિકિટ મળવી શક્ય નથી. પરંતુ અમારા સૌના આશ્ચર્ય વચ્ચે શ્રી દર્શનાબેન અને શ્રી મંદાબેન ભાવનગર ખાતે



આવી પહોંચ્યાં! આવ્યા બાદ તેમણે જણાવ્યું કે સવારે ૭–૧૫ વાગે સુરતના એજન્ટને વિમાનની ટિકિટ માટે ફોન કર્યો તો જાણવા મળ્યું કે ફક્ત બે સીટો બાકી છે અને અમે વિમાની મથકેથી ટિકિટ લઈને ભાવનગર આવી પહોંચ્યાં. પૂજ્ય માએ આગલી રાત્રે જે વિશ્વાસથી ટેલીફોન પર વાતચીત કરી હતી તે ચરિતાર્થ થતી જોઈને લાગ્યું કે પૂજ્ય મા કુદરતી રીતે જે ઘટના બનવાની હોય છે તે સાહજીક રીતે જણાવે છે. અને તે ઘટના તે જ રીતનું સ્વરૂપ ધારણ કરે છે. કેવી અદ્ભુત અલૌકિક શક્તિ!

પૂજ્ય માના રોકાણ દરમ્યાન બપોરના ભાગે પણ ૩ થી ૪ ના સમય ગાળામાં સત્સંગ થતો હતો. તારીખ ૨૫–૧–૮૮ના દિને બપોરના સત્સંગ દરમ્યાન અમેરિકાથી માના પરમભકત શ્રી ભગવાનજીભાઈ ભક્તનો ટેલીફોન આવ્યો. સત્સંગના કારણે પૂજ્ય માને ચાલુ કાર્યક્રમે કેવી રીતે જણાવવું તેની દ્વિધા અનુભવતા ભાઈ અજયે મારા પિતાજીને વાત કરી તો તેમણે જણાવ્યું કે શ્રી ભગવાનજીભાઈને અડધા કલાક પછી ફોન કરવા જણાવીએ. તેથી અજય તે પ્રમાણે જણાવવા નીચે આવ્યો. દરમ્યાન પૂજ્ય મા સાથે ટેલીફોન અંગે વાત થતાં તેમણે જણાવ્યું કે અડધા કલાક પછી નહિ પણ રાત્રે નવ વાગ્યા પછી ટેલીફોન કરે તેવી સૂચના આપો. અમારા સૌના આશ્ચર્ય વચ્ચે ભાઈ અજયે શ્રી ભગવાનજીભાઈને અડધા કલાક બાદ ટેલીફોન કરવા માટે જણાવતાં તેમણે સામેથી જ હું રાત્રે નવ વાગ્યા પછી ટેલીફોન કરીશ તેવું જણાવ્યું. એક જ ક્ષણે સાથે બનેલી આ ઘટનાએ પૂજ્ય માની સંકલ્પ શક્તિનાં દર્શન કરાવ્યાં.

આવો જ એક બનાવ તે જ દિવસે સાંજે પણ અમને જોવા મળ્યો. ભાવનગર ખાતેનો કાર્યક્રમ જે ટાઉનહોલમાં

ચાલતો હતો ત્યાં શહેરી ગરીબોને જમીન આપવા માટેના ફોર્મનાં સોગંદનામાં સ્વીકારવાનું પણ તે જ સમયગાળામાં ચાલતું હતું. રોજ ૫–૩૦ સુધી સ્વીકારાતાં આ ફોર્મની વિધિ તે દિવસે વધુ લાંબી ચાલી. છ વાગવા આવ્યા અને ઘણા માણસોની લાઇન અને જે પ્રકારનો કોલાહાલ હતો તે જોતા એમ થતું કે પૂજ્ય મા જો સમયસર આવશે તો આ કોલાહાલમાં કાર્યક્રમ કેવી રીતે ચાલશે? નિયમિત રીતે છ વાગે કાર્યક્રમના સ્થળે આવી પહોંચતાં પૂજ્ય મા તે દિવસે ૧૦ મિનિટ બાદ ટાઉન હોલ પર આવ્યાં. પણ આ અગાઉ છ વાગ્યા પછી તુર્તજ ફોર્મ લેવાની વિધિ સમાપ્ત થઈ જતાં પાંચ જ મિનિટના ગાળામાં સમગ્ર ટોળું વીખરાઇ ગયું. અને પૂજ્ય માનો કાર્યક્રમ સરળતાથી પત્યો. અમને મનમાં થયું કે પૂજ્ય શ્રીની કૃપાથી જ અને એમના સંકેતને કારણે પૂજ્ય મા થોડા મોડાં આવ્યાં તો નિર્વિઘ્ને કાર્યક્રમ થઈ શક્યો. કેવું અદ્દભુત!

તારીખ ૨૬–૧–'૮૮ના દિને પૂર્ણાહુતિ પ્રસંગે દિવસ દરમ્યાન પૂજ્ય માને ઘણો શ્રમ પડ્યો હતો. અમો સહુ ઉપર મા પાસે બેઠા હતાં. ટાઉનહોલનો કાર્યક્રમ સારી રીતે પતી જતાં પૂજ્ય માએ રાત્રે ૧૧–૩૦ વાગે પૂજ્યશ્રીને ૧૦૮ સાષ્ટાંગ પ્રણામ કરવાનો નિર્ણય કર્યો. પૂજ્ય માનો નિર્ણય એટલે તેનો અમલ પણ ત્વરિત જ. અમો સહુ આટલી મોટી સંખ્યામાં દંડવત્ કરવા માટે ખચકાટ અનુભવતા હતા. પૂજ્ય મા એ જણાવ્યું કે દંડવત્ કરવાથી કોઇને તકલીફ પડશે નહિ. અમો સહુએ પૂજ્ય માની સાથે પૂજ્યશ્રીને ૧૦૮ દંડવત્ પ્રણામ કર્યાં. સહુને મનમાં હતું કે વ્યાયામ કરવા માટે ટેવાયેલા ન હોવાથી બીજે દિવસે સહુને શારીરિક તકલીફ થશે. પરંતુ અમારામાંના કોઇને તેમજ પૂજ્ય માને



પણ બીજે દિવસે ખાસ કોઈ શારીરિક તકલીફ પડી નહિ. અનેક ઉપવાસોને કારણે શારીરિક રીતે કૃશ થયાં હોવા છતાં પણ પૂજ્ય મામાં પૂજ્યશ્રી ગુરુદેવ પ્રત્યે કેટલી અચલ શ્રદ્ધાભક્તિ છે તેવાં અમને દર્શન થયાં.

પૂજ્ય માને મળવા અને જાહેર કાર્યક્રમને માણવા મુંબઇથી શ્રી જ્યોત્સનાબેન ત્રિવેદી અને શ્રી જ્યોતિબેન ભટ્ટ આવ્યાં હતાં. પાંચ દિવસના રોકાણ બાદ તા. ૨૭–૧–'૮૮ના રોજ સાંજે ચાર વાગે મુંબઈ જવા માટે ખાનગી લકઝરી બસનું બુકિંગ કરાવ્યું હતું. તે જ દિવસે શ્રીમતિ જ્યોતિબેને જતા પહેલાં ગુરુલીલામૃતનો પાઠ કરવાનો સંકલ્પ કરેલો. આ પુસ્તક પૂજ્ય મા પાસે રહેતું હતું. પૂજ્ય માએ બપોર બાદ પુસ્તક આપતાં શ્રી જ્યોતિબેને પાઠ શરૂ કર્યો. બપોરે ૩–૩૦ વાગે નીકળવાનું હોવા છતા તેમનો પાઠ ચાલતો હતો. મનમાં અમને સહુને હતું કે આજે આ લોકો બસ ચૂકી જશે. પૂજ્ય માએ શ્રી જ્યોતિબેનને જણાવ્યું કે જે સંકલ્પ કર્યો છે તેને કોઇપણ ભોગે પૂર્ણ કરીને જ જવું. પૂજ્ય માની સૂચનાનું પાલન શ્રી જ્યોતિબેને શ્રદ્ધાથી કર્યું. દરમ્યાનમાં શ્રી જ્યોત્સનાબેન તેમજ અમો સહુ ઉચાટ અનુભવીને આમ તેમ આંટા મારતા હતા. પરંતુ બસનો સમય થઈ ગયો છે. શ્રી જ્યોતિબેનને જવા દો એવું પૂજ્ય માને કહેવાની હિંમત કરવા કોઈ તૈયાર ન હતું. ત્યાં જ સામેથી પૂજ્ય માએ જણાવ્યું કે હજી દસ મિનિટ સુધી બસ ઉપડવાની નથી. તમો નિરાંતે પહોંચી શકશો. ચાર વાગે ઘરેથી નીકળ્યાં છતાં શ્રી જ્યોત્સનાબેન તેમજ શ્રી જ્યોતિબેનને સરળતાથી બસ મળી ગઇ! પૂજ્ય માએ જે વિધાન કરેલું તે યથાર્થ ઠરતાં અમને પૂજ્ય માની કૃપાનો અનુભવ થયો.

શ્રીયોગેશ્વરજીની આત્મકથા

# પ્રકાશના પંથે

(ગતાંકથી ચાલુ)

સં. પરમાર્થી

દેશમાં લોકસભાની ચૂંટણીની જાહેરાત થઇ એની પાછળ દૈવી શક્તિનો સંકેત હતો. તા. ૮–૩–૭૭ મંગળવારે મને મણિનગરમાં જગદમ્બાએ જણાવ્યું, "આ ચૂંટણીમાં ઇન્દિરા ગાંધી રાયબરેલીમાં હારી જશે. જનતા પક્ષને બહુમતિ મળશે. કેન્દ્રમાં જનતા પક્ષની સરકાર રચાશે. મોરારજી દેસાઈ વડાપ્રધાન બનશે."

એ પ્રમાણે સ્પષ્ટ બાંયધરી મળવાથી મને ખૂબ જ આનંદ થયો. મારી મહેનત સફળ થઈ. મારો રાષ્ટ્રપ્રેમ સંતોષાયો.

ભાવનગર જઈને મેં ચૂંટણી પહેલાં જ શ્રી નારાયણભાઇને તથા શ્રી ભાઇલાલભાઇને એ વાતનો સંકેત કર્યો.

ઇશ્વરની યોજના પ્રમાણે જે થવાનું હતું તે જ થયું. કોંગ્રેસની સરકાર દૂર થઇ. કટોકટી દૂર કરાઇ, વર્તમાન પત્રોના પ્રતિબંધો હઠી ગયા. અને એવાં અનેક કલ્યાણ કાર્યોના આરંભનો અને સાચી લોકશાહીની સ્થાપનાનો સુવર્ણ અવસર પ્રાપ્ત થયો છે. એ દેખીને સૌ કોઇનો અંતરાત્મા આનંદે નાચી ઊઠે એ સ્વાભાવિક હતું. જે કામ શસ્ત્રો કે વિરોધો એ ના કર્યું એ યુગપલટાનું કામ ઇશ્વરે કર્યું.

## (૩) ઉપસંહાર

પ્રકાશના પંથના પ્રવાસની આત્મકથા અહીં પૂરી થાય છે. છતાં પણ એ સંપૂર્ણ થાય છે એવું નથી કહી શકાતું. આત્મકથા તો અખંડ રીતે ચાલ્યા જ કરે છે. જીવન ચાલશે ત્યાં સુધી ચાલ્યા કરશે. પરંતુ એટલું કહી શકાય કે એનો એક તબક્કો પૂરો થયો એ તબક્કો કોઇને પણ પ્રેરણા કે આનંદ આપશે તો એનું આલેખન અને પ્રકાશન સફળ ઠરશે.



## મસુરીથી ઋષિકેશ

દેવપ્રયાગના મારા દીર્ઘકાલીન નિવાસ દરમ્યાન મને કોઇ કોઇ વાર વિચાર આવતો કે મસુરીનાં શાંત સ્વચ્છ સ્થળમાં રહેવાનું હોય તો સારું. પરંતુ એ સ્થળમાં રહેવાનું ધાર્યા જેટલું સહેલું નહોતું, એની મને માહિતી હતી. ઈશ્વરની ઇચ્છા હોય તો જ રહી શકાય. મારા સમગ્ર જીવનનો અથવા એની નાની મોટી ગતિવિધિનો દોરી સંચાર પરમાત્માની પરમશક્તિ દ્વારા જ થઇ રહેલો. વરસોથી એ જ મારી પ્રેરક, પથ પ્રદર્શક તથા સહાયક હતી. મારા ઋષિકેશના નિવાસ દરમ્યાન વરસો પછી ઇ. સ. ૧૯૫૬માં પરમાત્માની એ પરમશક્તિએ એક દિવસ મને ધ્યાનાદેશ આપતાં જણાવ્યું: 'તમારે આવતે વરસે મસુરી રહેવા જવાનું છે.'

'મસુરીમાં કયાં રહેવાનું થશે ?'

'નવભારત હોટલમાં.'

'ત્યાં કેટલો સમય રહેવાનું થશે. ?'

'ત્રણ મહિના.'

વાર્તાલાપ ખૂબ જ સ્પષ્ટ હતો. આદેશના એ પ્રકારના અનુભવો આજ સુધી અનેક વાર થઇ ચૂકેલો હોવાથી મને કશું આશ્ચર્ય ના થયું.

બીજે વરસે અમે મસુરી માટેનો કાર્યક્રમ બનાવ્યો. મસુરીના ગાંધીચોકના બસ સ્ટેન્ડે અમે ઊતરી પડ્યાં. ત્યાંથી આગળ વધીને મસુરી નગરમાં દાખલ થયાં. હોટલના ભોમિયાઓ પોતપોતાની હોટલની ભલામણ કરતા અને પસંદગીનો આગ્રહ સેવતા. પરંતુ કોઇયે હોટલ પર અમારી દૃષ્ટિ ઠરી નહીં. ખૂણા પૈરની એવરેસ્ટ હોટલને જોઈ લીધા

પછી એક ગઢવાલી ગાઈડે અમારો પીછો પકડ્યો. તેનો આગ્રહ હતો : 'તમે બીજી હોટલોને જુઓ છો ને પાછા ફરો છો તો મારી હોટલ તો જુઓ.'

'તમારી હોટલ ક્યાં છે?'

'તદ્દન સામે જ છે. ચઢાઈ ઉતરાઇ જેવું કશું જ નથી. તમને જોતાંવેંત જ ગમી જશે.'

અમે એમની હોટલમાં પ્રવેશ કર્યો. હોટલનો રૂમ વિશાળ, સ્વચ્છ ને સુંદર હતો. અમને તે પસંદ પડી ગયો. સામાનને અંદર મગાવ્યો એટલે ગાઇડની પ્રસન્નતાનો પાર ના રહ્યો. સામાનને સુવ્યવસ્થિત રીતે મૂકાવ્યા પછી મેં એમને પૂછ્યું : 'આ હોટલનું નામ શું?'

એમણે તરત જ ઉત્તર આપ્યો : 'નવભારત હોટલ.' મને આશ્ચર્ય અને આનંદ બંનેનો અનુભવ થયો. ઈશ્વરનો આદેશ નવભારત હોટલમાં જ ઊતરવાનો હતો, તે કેવી અજ્ઞાત છતાં અદ્ભુત રીતે સફળ થયો! ઈશ્વરની વિરાટ સર્વોપરી શક્તિ કેવી અલૌકિક રીતે ચોક્કસપણે કાર્ય કરે છે એના વિચારથી અમે ગદ્ ગદ્ બની ગયાં. એની લીલા અતિગહન, અવર્ણનીય, અજબ છે. ઈશ્વરના આદેશ અનુસાર નવભારત હોટલના એ સ્થાનમાં અમારે બરાબર ત્રણ મહિના જ રહેવાનું થયું. અમારો આવાસ સર્વ પ્રકારે અનુકૂળ રહ્યો.

મસુરી માનવામાં આવે છે તેમ એકલા શ્રીમંત ને સાંસારિક રીતે સુખી લોકોનું જ નિવાસ ને આરામ તથા સહેલગાહનું સ્થાન નથી. ત્યાં મોટાં મકાનોમાં સુખપૂર્વક સૂનારાં લોકોની જેમ તે જ મકાનોને ઓથે વરસાદમાં ભીંજાતા ને ટાઢમાં થથરતાં લોકો પણ વસે છે. દિવસમાં ચાર પાંચ વાર નાસ્તાપાણી કરનારા લોકોની જેમ જેમને પેટ ભરીને એકટંક ખાવાની પણ મુસીબત છે તેવા અર્ધ-



ભૂખ્યાં ને શરીરને જેમ તેમ ઢાંકીને ફરનારાં માણસો પણ ત્યાં વસે છે. મસુરીના બહારના ચળકાટ, વિલાસ ને દમામની પાછળ ગરીબીની એક કરુણ દુનિયા પણ વસે છે એ ભૂલવા જેવું નથી. જો કે ગરીબી અને અમીરીનાં બે વિરોધાભાસી દશ્યો આ દેશમાં બધે જ દેખાયા કરે છે. એક ઠેકાણે બધું જ છે. ને બીજે ઠેકાણે કશું જ નથી. આવી વિરોધાભાસી અવસ્થામાંથી આપણે સર્વોદય ને સમાજવાદી સમાજ રચનાની સ્થાપના કરવાની છે. કામ ધાર્યા જેટલું, માન્યા જેટલું ને વાતો અથવા યોજનાઓ કરવા જેટલું સહેલું નથી, છતાં પણ તેને પૂરું કર્યા વિના છૂટકો નથી. આપણે ઇચ્છીએ કે સખત પરિશ્રમને અંતે પણ એક ધન્ય દિવસે તે સફળ થાય. આ દેશમાં ને દુનિયાના બધાં જ દેશોમાં જીવનની જરૂરી ચીજો સૌને બરાબર મળી રહે ને સૌ સુખી થાય.

અહીં દિવસ કરતાં રાત્રે ઠંડી વધારે હોય છે. તેથી નવા સવા ને પાતળા મળ ને શરદી જેવા વ્યાધિ થઇ જાય છે. માતાજીને એવી બિમારી ચાલુ થઇ ગઇ હતી. પરંતુ થોડાક દિવસોમાં જ તકલીફ દૂર થઈ ગઇ. વૈદ્યનાથ ફાર્મસીની ક્લોરોડીન નામે દવાએ માતાજીને ખૂબ રાહત આપી. તે દવા ખરેખર અકસીર લાગી તેથી તેને કાયમ માટે સામે ટેબલ પર જ રાખી મૂક્તા.

# રામકથા

( ગતાંકથી ચાલુ )

શ્રીયોગેશ્વરજી

[ શ્રીયોગેશ્વરજીની સિદ્ધકલમે આલેખાયેલ રામકથા ]

ઉર્મિલાએ નિષાદરાજને સંબોધીને કહ્યું : 'નિષાદરાજ, તમે કોઇ પણ પ્રકારની ખોટી શંકાને મનમાં ના લાવતા. ભરતના હૃદયમાં રામને માટે કે બીજા કોઇને માટે કોઈયે પ્રકારની દુર્ભાવના નથી. એવી દુર્ભાવના એમના દિલમાં જાગી શકે તેમજ નથી. એ તો રામને માટે ઊંડી સદ્‌ભાવના લઇને જઇ રહ્યા છે. માટે તમે તદ્દન નિશ્ચિત રહેજો. મને ભરતનો પૂરતો અનુભવ છે. એમનું હૃદય એકદમ નિર્મળ છે. એમની યોગ્યતા રામની યોગ્યતા જેવી જ અસાધારણ છે.'

નિષાદરાજે કહ્યું : 'છતાં પણ રામને માટે પ્રખર પ્રેમથી પ્રેરાઇને આટલી ચોકસાઇ કરવાની મને યોગ્ય લાગી છે. ભરતને ખરેખર ધન્યવાદ ઘટે છે કે હાથમાં આવેલી સંપત્તિનો ત્યાગ કરીને આવી રીતે વનમાં જવા માટે તૈયાર થયા છે. તેવા ધાર્માત્માનું દર્શન દુર્લભ છે. ભરતજી, તમારા આ મહાન ત્યાગથી તમારો યશ સંસારમાં સર્વત્ર ફેલાઈ જશે.'

ભરતે કહ્યું : 'મને મારા યશની નથી પડી પરંતુ રામ, સીતા ને લક્ષ્મણના સુખની પડી છે. વનમાં એમને અનેક પ્રકારનાં કષ્ટો પડતાં હશે એ કલ્પના કરીને મારું કાળજું કંપી ઉઠે છે. એ કષ્ટોને દૂર કરવા માટે મારે પ્રયત્નશીલ થવાનું છે. રામનો યશ જ સંસારમાં ફેલાવા યોગ્ય છે. એમના સુખમાં જ મને સુખ લાગે છે.

નિષાદરાજે ગળગળા થઇને કહ્યું : 'તમારા જેવા દૈવી સ્વભાવવાળા ભાઈ મળવાથી રામ પણ ધન્ય છે. તમને જન્માવીને



તમારી માતા તથા સમસ્ત રઘુકુળ પણ ધન્ય છે. અને મારા અંતરની એક બીજી વાતને કહી બતાવું ? રામની સાથે સીતા તથા લક્ષ્મણના દેવદુર્લભ દર્શનનો લાભ મેળવીને મને લાગેલું કે મારાં લોચન ધન્ય થયાં ને મારું જીવન સફળ થયું. આજે તમને તથા ઉર્મિલાને જોઇને પણ એમજ લાગે છે. ઉર્મિલાને જોઇને મને સીતાની સ્મૃતિ થાય છે. સુંદરતા, સરળતા, સુમધુરતા તથા શીલના સંબંધમાં બંને વચ્ચે એકતા છે, અને બંને રઘુકુળના મહામોંઘા ભૂષણરૂપ છે. સીતા જેમ રામને માટે યોગ્ય છે તેમ ઉર્મિલા પણ લક્ષ્મણને માટે સુયોગ્ય છે. એ બંનેની જોડી જાણે એકમેકને માટે જ ઘડાઈ હોય એવું લાગે છે. સીતાનો ત્યાગ ખૂબ જ પ્રશસ્ય છે તો ઊર્મિલાનો ત્યાગ પણ એવો જ. બલ્કે એથી એ વધારે અસાધારણ છે.

થોડી વાર સુધી સર્વત્ર શાંતિ પથરાઈ રહી. એ પછી ભરતે ભાવમય સ્વરે કહ્યું : નિષાદરાજ, રામનાં વનવાસનાં સંકટોનું સ્મરણ કરીને મારું હૈયું હાલી ઉઠે છે. એ કષ્ટોની કલ્પના પણ મને કંપાવી દે છે. અને એટલા માટે જ હું એમને વિનવવા માટે જઈ રહ્યો છું. રામે અહિં રાત પસાર કરેલી એવું મારા સાંભળવામાં આવ્યું છે. તો રામે જે સ્થળે વિશ્રામ કરેલો એ સ્થળ જોવાની મને ઉત્સુકતા છે.'

ભરતની ઇચ્છાને માન આપીને નિષાદરાજ એને રામ, સીતા અને લક્ષ્મણના વિશ્રાંતિસ્થાન પાસે લઈ ગયા. બે વૃક્ષોની વચ્ચેનું એ સ્થાન જોઇને ભરતની આંખમાં આંસુ આવી ગયાં. રામ, લક્ષ્મણ ને સીતાની જમીન પરની સૂકા ઘાસની પથારી હજુ એવી ને એવી જ પડેલી.

રાજપ્રાસાદના સુંદર પર્યંકપર સુવાની ટેવવાળા રામ, સીતા અને લક્ષ્મણ સાથે કઠોર ભૂમિ પર કેવી રીતે સુતા હશે તે વાત ભરતની સમજમાં ના આવી શકી. ( ક્રમશઃ )

## * ધ્યાન સાધના શિબિર *

પરમ પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના ચોથા નિર્વાણદિન નિમિત્તે પ. પૂ. માશ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં તા. ૧૮, ૧૯ અને ૨૦ માર્ચ, ૧૯૮૮ના ત્રણ દિવસ માટેની ધ્યાન સાધના શિબિર અગાસી માતાજીનું મંદિર, ધૂળિયા રોડ, બારડોલી, જિલ્લા સુરત ખાતે યોજવાનું ઠરાવવામાં આવ્યું છે. આ સ્થળે આધુનિક નિવાસ તેમજ બાથરૂમ જાજરૂની સગવડો ઉપલબ્ધ ન હોવાથી, તંબુઓમાં નિવાસ કરવાનો રહેશે. શિબિરમાં સાદુ સ્વચ્છ ભોજન મળશે.

શિબિર નિવાસનો ત્રણ દિવસનો ચાર્જ રૂ. ૩૦/-છે, જે તા. ૧૦/૩/૮૮ પહેલાં નીચેના સરનામે મનીઓર્ડરથી મોકલાવી આપવો જરૂરી છે, જેથી વ્યવસ્થાપકોને તંબુઓ વગેરેની વ્યવસ્થા ગોઠવવાનું સુગમ બને.

શ્રી અતુલ એચ. કોન્ટ્રેકટર, યોગેશ્વર કૃપા, પુરોહિત ડાઈનીંગ હોલ પાસે, વલ્લભવિદ્યાનગર. તા. આણંદ, જિલ્લા ખેડા ૩૮૮-૧૨૦.

શિબિર અંગેનો સઘળો પત્રવ્યહવાર ઉપરના સરનામે કરવો.

## * ભાવનગરનો કાર્યક્રમ *

પ. પૂ. માશ્રી સર્વેશ્વરીનો સૌ પ્રથમ સાત દિવસોનો જાહેર કાર્યક્રમ ભાવનગરના ટાઉનહોલમાં યોજવામાં આવ્યો. લોકોએ એનો સારો લાભ લીધો. પૂ. માએ પૂ. ગુરુદેવ રચિત રામચરિત માનસના કાવ્યના પ્રસંગોનું ગાન કરવા ઉપરાંત પોતાના સાધનાત્મક અનુભવો પણ સુંદર રીતે રજુ કર્યાં. શ્રોતાઓમાં તે સારો આદર પામ્યા. પરિણામે પૂ. માના ઉતારા ઉપરના સાંજના સત્સંગમાં પણ લોકો રોજ બરોજ સારી સંખ્યામાં ભાગ લેવા લાગ્યા.

## * નામસ્મરણનો મહિમા *

"નામસ્મરણનો પ્રભાવ અપરંપાર છે. દિવસના સમયનો વધુમાં વધુ સમય જો એમાં આપી શકીએ, આપણી બધી શક્તિના સરવાળાનો મોટો ભાગ એમાં ખર્ચીએ, તો ભાવનાની સળંગતા પ્રગટી શકે. નામસ્મરણની ભાવના જેને દિલમાં ઊગીને, તે પ્રમાણે જાગૃત બનીને, ઊર્મિ સહ તેમાં પરોવાઇને ને તે તરફ વળવાનું દિલથી બને તો તેને તે માર્ગ પરત્વે વળી શકવાની પૂરી શકયતા છે.

"સ્થૂળ રીતે, દેખતી રીતે નામસ્મરણ વિના સ્થૂળ જીવન નભી શકે પણ છે. પ્રભુમય જીવન માટે નામસ્મરણ પ્રાણ સમાન છે. એ ન હોય તો કશું નથી. એટલે ધ્યાન આદિ બીજા સાધનો કરતાં પણ એનું સવિશેષ ધ્યાન રાખવાનું છે. નામી કરતાંય નામ ચડી જાય છે. દિવસભર જમ્યા વિના જીવી શકાય પણ જેને ભગવાનને શરણે જવું છે, તેવાને નામસ્મરણ વિના એક ક્ષણ પણ ન ચાલવું જોઈએ. નામસ્મરણ એ આપણું એક રીતનું જીવન છે.

"કંઇ પણ કામ કરતાં પણ જો ભાવપૂર્વક નામસ્મરણ રહ્યા કરતું હોય તો એ કામ આપણે સાધનાના એક સાધન તરીકે જ કરીએ છીએ, એવી ભાવના આપણામાં ઊંડી ઊતરતી જાય કેમકે આપણને ઊંડું ભાન તો એ સ્મરણને લીધે રહે કે આપણે એ કામ કરતાં ભગવાનની શકિતનું આવાહન જાણ્યે-અજાણ્યે કરીએ છીએ, એટલે એ શકિત થોડીવત્તી પણ આપણામાં ઊતરે જ."

—શ્રી મોટા

ADHYATMA Regd. No. GBV 113

## * સ્વામી શ્રી રામતીર્થજીનું ઉપદેશામૃત *

૧

ચિત્તની જેટલી એકાગ્રતા વિના કોઈ અગત્યનો સાંસારિક પદાર્થ પણ નથી મેળવી શકાતો, તેટલી એકાગ્રતા તમે જો આત્મચિંતનમાં એક ક્ષણ પણ કરો તો સમસ્ત બ્રહ્માંડ તમારૂં બની રહે. આ ચિત્ત ઉપર વિજય મેળવવા માટેના સંગ્રામ માટે પણ જો તમે બુદ્ધિ અને મનને દેશ, કાળ અને કારણના પરદાથી બહાર પહોંચાડી શકો તો પછી સદાકાળને માટે તમને એક એવું અદ્દભુત અને નિર્ભય પદ પ્રાપ્ત થશે, અને તમારા હૃદયમાંથી આનંદનો એક એવો સતત ઝરો ફૂટી નીકળશે કે જેમાં તમારે ફાવે ત્યાં સુધી અને ફાવે તેટલી વખત મગ્ન થઇ આનંદ જ આનંદ અનુભવ્યા કરજો.

૨

ભગવાન કૃષ્ણને તેમના જીવનકાળ દરમ્યાન હજારો રાજાઓ મળ્યા હતા; પરંતુ ગીતા તો બીજા કોઇએ નહિ પણ માત્ર અર્જુને જ સાંભળી.

૩

જે દેશમાં કે જાતિમાં સત્ય પરાયણતા અને પોતાને સર્વનો આત્મા જાણવાનો સ્વભાવ પ્રબળ છે, તે જ દેશ કે જાતિ સુખી અને શ્રીસંપન્ન બની રહેશે.

૪

જો તમે સુખ ઇચ્છતા હો તો આ દોડધામ–આ ધનોપાર્જનના જ્વરનો ત્યાગ કરો. એની ઘેલછામાંથી છૂટો.

—સ્વામી રામતીર્થ

રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર.
પ્રાપ્તિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧